# કોશિશ-મિલાપ ટ્રસ્ટ

## દસ વર્ષની સેવા-યાત્રા (2010 થી 2020)

### શિક્ષણ, આરોગ્ય અને માહિતીના આદાન-પ્રદાનને સમર્પિત




**ઑફિસ:** 10, ગંગાપાર્ક, પશાભાઈ પાર્કની અંદર,
નટુભાઈ સર્કલ પાસે, ગોત્રી રોડ, વડોદરા- 390007

**શિક્ષણ સહાય કેન્દ્ર અને દવાખાનું:** યોગેશ્વર ચોક, મુજમહુડા ઝૂંપડપટ્ટીની અંદર,
અક્ષરચોક પાસે, વડોદરા- 390020

**ફોન:** 0265-2334041

***E-mail:*** koshishmilap@yahoo.com
***Website:*** www.koshish-milap.org



## અમારું લક્ષ્ય

ગરીબોને મદદ,
તેમની મૂળભૂત સમસ્યાઓનો અભ્યાસ
અને તેમની સ્વનિર્ભરતા તરફ પગલાં.

## કર્મચારી, સ્વયંસેવક અને ટ્રસ્ટીના શપથ

હું મારી પૂરી કોશિશ કરીશ :

- નિષ્ઠા અને ઈમાનદારીપૂર્વક કામ કરવા માટે.
- સંઘભાવના સાથે કામ કરવા માટે.
- કોઈ પણ પ્રકારની અનૈતિક કે ગુનેગાર વર્તણૂકમાં ન સંડોવાવા માટે.
- નવી વસ્તુઓ શીખવા માટે અને કાર્યની પહેલ માટે.

### (આ ઉપરાંત શિક્ષક માટે)

- દરેક બાળકની વિશિષ્ટતાને સન્માનવાની, બધાં બાળકો સાથે સમાન ધોરણે વર્તવાની અને દરેક વિદ્યાર્થીની કારકિર્દીમાં રસ લઈને મદદ કરવા માટે.
- બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવા, સ્વપ્નદ્રષ્ટા બનવા, અને જિજ્ઞાસાવૃત્તિ વિકસાવવા.
- બાળકોને  અભ્યાસના પાયાની સંકલ્પનાઓ સમજવામાં, બાળકોની પૂરી ક્ષમતા ખીલવીને સામાન્ય વિદ્યાર્થીમાંથી ઉચ્ચ કાર્યસિદ્ધિ સુધી પહોંચાડવામાં, તેમનામાં સ્વતંત્ર વિચારસરણી,  નૈતિક મૂલ્યો અને અંગત શિસ્ત વિકસાવવામાં
- વાણી કે શારીરિક રીતે ખરાબ વર્તાવ ન કરવા માટે.

# પૂર્વ ભૂમિકા

કોશિશ મિલાપ ટ્રસ્ટ વર્ષ ૨૦૧૦ થી વડોદરાના મુજમહુડા વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં શિક્ષણની અને સ્વાસ્થ્યની સેવા આપી રહ્યું છે, તે સાથે ભારતની સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO 's) માટે જ્ઞાન અને માહિતીના આદાન–પ્રદાન માટે ઇન્ટરનેટ દ્વારા મંચ બનાવવા પણ કાર્યરત છે.

# અમારા મૂળભૂત સિદ્ધાંતો

- બધા જ ટ્રસ્ટીઓ કોઈ પણ પ્રકારના આર્થિક વળતર વગર કામ કરે છે.
- ટ્રસ્ટીઓ વહીવટની સાથે પ્રત્યક્ષ કામમાં મહત્વની જવાબદારી લઈ કામમાં ભાગીદાર બને છે.
- કામની ગુણવત્તા અને પારદર્શિતા જળવાઈ રહે છે અને કામનું સાચું અને સતત મૂલ્યાંકન થતું રહે છે.
- વહીવટી ખર્ચ ઓછો (કુલ ખર્ચના ૧૫% જેટલો) છે.

# વંચિત વિસ્તારનાં બાળકોનું ગુણવત્તાયુક્ત શિક્ષણકાર્ય

શાળાએ જતાં બાલમંદિરથી ધોરણ- ૯ સુધીનાં બાળકોને માટે સવારે ૮ થી બપોરે ૧૨ દરમ્યાન શિક્ષણ સહાય કેન્દ્ર દ્વારા ઔપચારિક શિક્ષણ આપવાનું કામ કરીએ છીએ.

અમારું ધ્યેય બાળકો શાળાના અભ્યાસમાં સક્ષમ બને, આત્મવિશ્વાસુ અને સ્વતંત્ર રીતે વિચાર કરી શકતાં બને તથા તેમનું શિક્ષણ કોઈ કારણસર અધવચ્ચેથી છોડી ન દઈને સારી રીતે પૂરું કરે, તે છે.

## અમે અપનાવેલી કાર્યનીતિ

- **સ્થળ** : બાળકોને પોતાના ઘરથી આવવું-જવું સરળ પડે અને જાતે આવી શકે તે માટે અમે ઝૂંપડપટ્ટીની અંદર જ શિક્ષણકેન્દ્રની સગવડ ઊભી કરી છે.
- **પદ્ધતિઓ** : અમારાં બાળકોને ધ્યાનમાં લઈને તેમને અનુકૂળ એવી શિક્ષણપદ્ધતિઓ જાતે વિકસાવી તેનો ઉપયોગ કરીએ છીએ.
- **શૈક્ષણિક સામગ્રી** : વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો, નોટો, વગેરે વિના-મૂલ્યે આપવામાં આવે છે.
- **વ્યક્તિગત ધ્યાન** : શિક્ષણકાર્ય સફળ બનાવવા બાળકોની વ્યક્તિગત અભ્યાસ અંગેની જરૂરિયાત સંતોષાય તે જરૂરી છે. તે માટે અમે એક વર્ગમાં ૨૦ થી ઓછી સંખ્યામાં બાળકો હોય

તેવા નાના વર્ગો રાખીએ છીએ.

- **ટેક્નોલોજી અને સાધનો** : વંચિત વિસ્તારનાં બાળકોને નવું જોવા–જાણવાની ઘણી ઓછી તકો મળતી હોવાથી કેટલીક સામાન્ય જણાતી બાબતો સમજવામાં પણ ઘણી મુશ્કેલી પડે છે. આવા સંજોગોમાં અમે તેમને ટૂંકી વિડીયોક્લીપ બતાવીએ છીએ. દા.ત. દરિયાનાં મોજાં, ખેતરમાં ખાતર નાંખવું, પાણીનો ધોધ, જ્વાળામુખી, વગેરે. તે ઉપરાંત કેટલાક મુદ્દા સ્પષ્ટ કરવા મોડેલ કે ચિત્રને બદલે સાચી વસ્તુનો ઉપયોગ કરવાનું ગોઠવીએ છીએ. જેવી કે વજનકાંટો, ચલણી સિક્કા, ઘડિયાળ વગેરે.
- **વાચન સામગ્રી** : પાઠ્યપુસ્તકો ઉપરાંત વાંચન માટે તેમને ધ્યાનમાં લઈને અમે પોતે વાચનસામગ્રી તૈયાર કરીએ છીએ. કેટલીક વાર બીજી ભાષાનું બાળસાહિત્ય અનુવાદ કરીને પણ બાળકોને આપીએ છીએ.
- **પર્યટનો અને શૈક્ષણિક પ્રવાસો** : બેન્ક, પોસ્ટઓફિસ, પોલીસચોકી, કોર્ટ ઈત્યાદી વિવિધ જગ્યાએ બાળકો સાથે પ્રત્યક્ષ જઈને તે વિષે સમજ આપવાનો પ્રયત્ન કરીએ છીએ.
- **ઈતર-પ્રવૃત્તિઓ** : બાળકો માટે કળા, રમતો, સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.
- **વાલીસંપર્ક** : વાલીઓ તેમનાં બાળકોના શિક્ષણની બાબતમાં વધુ જાગૃત બને, તે માટે નિયમિતરૂપે વાલીઓના સંપર્કમાં રહીએ છીએ. વાલી મિટિંગ પણ યોજીએ છીએ.
- **શિક્ષક તાલીમ** : શિક્ષકો સાથે નિયમિત રીતે મિટિંગ અને તાલીમનું આયોજન કરવામાં આવે છે. બાળકોને ધ્યાનમાં રાખીને જે તે શૈક્ષણિક મુદ્દાને અનુલક્ષીને તૈયાર કરેલા શૈક્ષણિક પાઠોની લેખિત સામગ્રી શિક્ષકોને આપવામાં આવે છે.
- **આર્થિક સહાય પ્રકલ્પ** : **(sponsorship project)** : અભ્યાસમાં તેજસ્વી પણ જરૂરિયાતમંદ બાળકો માટે દાતાઓ પાસેથી આર્થિક સહયોગ મેળવી તેમને ખાનગી શાળાઓમાં મોકલવામાં આવે છે.
- **શિક્ષણકાર્યનું વિશ્લેષણ અને આયોજન** : બાળકો શિક્ષણ-કેન્દ્રમાંથી ઘરે જાય પછી શિક્ષકો આગામી દિવસોનું આયોજન રોજેરોજ કરે છે. શિક્ષકોની મિટિંગ થાય છે. તેમાં બાળકો સાથેના અનુભવોનું **વિશ્લેષણ** થાય છે, તેમ જ આ **વિશ્લેષણ**ની લેખિત નોંધ પણ થાય છે.
- **રાહતદરે શિક્ષણ** : દરેક બાળક માટેનો સરેરાશ વાર્ષિક શિક્ષણ ખર્ચ ૭,૦૦૦ રૂ. છે. અમે તેમની પાસેથી દર મહિને ટોકન ફી રૂ. ૫૦ લઈએ છીએ, તે પ્રમાણે વર્ષના ૬૦૦ રૂ. થાય, જે વાસ્તવિક ખર્ચના ૧૦% કરતાં પણ ઓછા છે.

## શિક્ષણકાર્યની યાત્રા

બાળકોના વિકાસ માટે શિક્ષણમાં જેટલો વહેલો હસ્તક્ષેપ થાય તે અનિવાર્ય હોઈ અમે વંચિત વિસ્તારનાં શાળાએ જતાં બાળકોને અભ્યાસમાં સહારો આપવાનું સ્વીકાર્યું. અમારો ઉદ્દેશ્ય એવો છે કે, બાળકો અભ્યાસમાં સક્ષમ, આત્મવિશ્વાસુ અને સ્વતંત્ર રીતે વિચાર કરનારાં બને, તે ઉપરાંત તેમનો અભ્યાસ કોઈ કારણસર અધવચ્ચેથી છોડી ન દે અને સારી રીતે પૂરો કરે. આ હેતુ સાથે અમે મુજમહુડાના વંચિત વિસ્તારનાં પ્રાથમિક શાળામાં જતાં બાળકોને ઔપચારિક શિક્ષણમાં મદદરૂપ થઈને અમારા કામની શરૂઆત કરી. પહેલા વર્ષે અમે પહેલા અને બીજા ધોરણનાં બાળકોને તેમના શાળાના અભ્યાસમાં મદદરૂપ થયા. ક્રમશઃ દરેક વર્ષે આગળનો એક વર્ગ ઉમેરતા જઈને અમે શિક્ષણ સહાય કેન્દ્ર વિસ્તૃત કર્યું. હાલમાં અમે બાલમંદિર (જુનિયર અને સિનિયર વર્ગો)થી ધોરણ ૯ સુધીનાં બાળકોને ભણાવીએ છીએ. દરેક ધોરણ માટે અલગ શિક્ષક અને વર્ગખંડમાં આ વર્ગો શાળાના સમગ્ર અભ્યાસક્રમને આવરી લઈને ચલાવવામાં આવે છે.

અમે જોયું કે સરકારી શાળામાં જતાં બાળકોમાં પ્રાથમિક શાળાના શિક્ષણની ગુણવત્તા નબળી હતી અને બાળકોમાં શિસ્ત, નિયમિતતા અને ઉત્સાહનો અભાવ હતો. નબળું શિક્ષણ અને ઘરમાંથી પ્રોત્સાહનના અભાવના કારણે આ બાળકો અભ્યાસમાં રુચિ નહોતાં દર્શાવતાં અને પાયાનાં કૌશલ્યો જેમ કે, વાચન, લખાણ તથા ગણતરીમાં ખૂબ જ કાચા હતા. આ ઉપરાંત, શાળામાં ગોખવવાની પદ્ધતિ પર ભાર અપાતો હોવાને લીધે બાળકોમાં વિષયો માટેની પ્રાથમિક સંકલ્પનાઓની સમજણ પણ નબળી જોવા મળી. અભ્યાસની વિષયવાર સંકલ્પનાઓની સ્પષ્ટતાથી બાળકની પાયાની સમજણ તો ખીલે જ છે, ઉપરાંત એમને જાણકારી યાદ રાખવામાં અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરવામાં પણ મદદ કરે છે. આવી વિભાવનાઓ સમજવાની પદ્ધતિ અપનાવવા અમે અનેકવિધ પ્રકારના ચાર્ટ્સ અને સ્વાધ્યાયપોથી (સંખ્યાજ્ઞાન, સ્થાન કિંમત, ચડતો-ઊતરતો ક્રમ, અપૂર્ણાંક, વાર્તાઓ વગેરે), ચિત્રકાર્ડ, અને વિડીયો ક્લીપ જેવી દ્રશ્ય-શ્રાવ્ય સામગ્રી ભેગી કરી. વિષયવાર સંકલ્પનાઓ સ્પષ્ટ કરીને ભણાવવાની પદ્ધતિને કારણે બાળકોની વિષય સમજણ તો સ્પષ્ટ થઈ જ તે સાથે બાળકોની પાયાની વાચન, લેખન અને ગણિતની કુશળતામાં પણ સુધારો થયો છે. અને છેવટે બાળકોમાં અભ્યાસ માટે રસ કેળવાયો છે તથા અભ્યાસ માટે તેમનામાં આત્મવિશ્વાસ વધ્યો છે.

શિક્ષણના પ્રોજેક્ટની શરૂઆતમાં જ અમને સમજાઈ ગયું કે અસરકારક શિક્ષણ માટે ફક્ત પાઠ્યપુસ્તકો પૂરતાં  નથી. એટલે અમે અમારી પોતાની પૂરક શિક્ષણ સામગ્રી જેવી કે એકઠાં કરેલાં

બાળગીતોનાં પુસ્તક, હિન્દી અને અંગ્રેજી ભાષાની ૧૦૦ જેટલી વાર્તાઓની ચોપડીઓ બાળકો માટે ગુજરાતીમાં રજૂ કરી, ગુજરાતી મૂળાક્ષરો શીખવવા માટે શબ્દ-ચિત્રકોશ અને અગાઉ જણાવી દીધેલી શિક્ષણ સામગ્રી તૈયાર કરી.

બાળકોની વર્ગમાં હાજરી અને ઘરકામ કરવાની અનિયમિતતા એમની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતાં પરિબળો છે. અમે લગભગ પાંચ વર્ષ સુધી બાળકોને અને વાલીઓને આ માટે સમજાવવામાં અસફળ રહ્યાં. ત્યાર બાદ અમે અનિયમિતતા માટે આર્થિક દંડ કરવા માંડ્યો. શરૂઆતમાં વાલીઓ અને બાળકોએ આનો ખૂબ જ વિરોધ કર્યો અને કેટલાંકે અમારું કેન્દ્ર છોડી પણ દીધું. પરંતુ લગભગ બધાં પાછાં આવ્યાં. એમાંના કેટલાક તો રૂપિયા ૫૦૦ સુધીનો દંડ ભરીને પાછાં આવ્યાં. આ અભિગમને લીધે હાજરીની નિયમિતતા ૯૦% સુધી પહોંચી છે અને ઘરકામ કરવાની નિયમિતતા વધીને ૬૫% જેટલી થઈ છે. અને દંડનું પ્રમાણ પણ ઘણું ઓછું થયું છે. ઘણાં વાલીઓએ અમારી શિક્ષણપદ્ધતિમાં વિશ્વાસ દર્શાવ્યો છે 'મારું બાળક અહીં જ ભણે છે. બીજા વર્ગોમાં વધારે ફી લઈને પણ શીખવાડતા નથી. તમે અમારાં બાળકોના ભલા માટે જ કરો છો."

સરકારી શાળાની સરખામણીમાં સામાન્ય ખાનગી શાળાઓ વધારે સારું શિક્ષણ આપવા ઉપરાંત શિસ્ત, નિયમિતતા, અને સુઘડતા તરફ પણ ધ્યાન આપે છે. બાળકના સમગ્ર વિકાસમાં આ ઘણું મહત્વનું છે. તેથી ૨૦૧૨-૧૩માં અમે અભ્યાસમાં તેજસ્વી એવાં જરૂરિયાતમંદ બાળકોને ખાનગી શાળામાં જવા આર્થિક સહાય આપવા માટેની યોજના ચાલુ કરી છે. તે અંતર્ગત બાળકોની શાળાની ફી અને શાળાએ જવા-આવવાના ખર્ચની જોગવાઈ કરીએ છીએ. નિયમિત શાળાએ જવું અને શાળાની પરીક્ષામાં સારા ગુણ સાથે પાસ થવું એ શરત સાથે તેમનું હાઇસ્કૂલનું શિક્ષણ પૂરું થાય ત્યાં સુધી સહાય આપીએ છીએ. આ લાભ લેતાં બાળકોમાં શાળામાં અને અમારા વર્ગોમાં નિયમિતતા, વ્યક્તિગત શિસ્ત, વ્યક્તિગત પરિધાન, સ્વમાન અને આત્મવિશ્વાસમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું.

અભ્યાસેતર પ્રવૃત્તિઓ બાળકમાં નવો રસ જગાડવામાં અને સર્જનાત્મકતાનો વિકાસ કરવા ઉપરાંત સામાજિક, ભાવાત્મક, શારીરિક અને બૌદ્ધિક કુશળતાઓનો પણ વિકાસ કરવામાં મદદ કરે છે. આને ધ્યાનમાં રાખીને અમે શરૂઆતથી જ ચિત્રકળા, સીવણ, રમતો, તહેવારોની ઊજવણી, રંગોળી હરીફાઈ, કમ્પ્યુટરના વર્ગો જેવી ઈતર પ્રવૃત્તિઓને પણ કેન્દ્રમાં ચલાવીએ છીએ. ઉપરાંત જુદા જુદા શૈક્ષણિક પ્રવાસો અને મુલાકાતો પણ ગોઠવીએ છીએ. તેનાથી માત્ર અભ્યાસનો જ હેતુ નથી સર થતો પણ બાળકો પોતાના અને સમાજ વિશે પણ જાગૃત થાય છે.

## શિક્ષણ પ્રકલ્પની સિદ્ધિઓ

- ૨૦૧૦-૧૧માં પહેલા અને બીજા ધોરણનાં ૩૧બાળકોથી ચાલુ થયેલ અમારા કેન્દ્રમાં આજે ૨૦૧૯-૨૦માં ૧૮૫ બાળકો અભ્યાસ કરી રહ્યાં છે.
- અભ્યાસમાં તેજસ્વી એવા જરૂરિયાતમંદ બાળકોને ખાનગી શાળામાં જવા આર્થિક સહાય (મુખ્યત્વે શાળાની ફી અને શાળાએ આવવા જવાના ખર્ચ) આપવા માટેની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૫૪ અને અત્યાર સુધીમાં કુલ ૩૧૯ વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો.
- અમારાં મોટા ભાગનાં બાળકો તેમની નિશાળની વાર્ષિક પરીક્ષામાં B+ ગ્રેડ મેળવે છે, જેમાંનાં લગભગ ત્રીજા ભાગનાં બાળકો A+ ગ્રેડ મેળવે છે, જે અમને અમારા શિક્ષણકાર્યનીં મહેનતની સફળતાનો અહેસાસ કરાવે છે.

### દાખલ કરેલાં બાળકોની સંખ્યા

| | 2010-11 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| બાલમંદર (Jr. + Sr.) | - | 42 | 41 | 45 | 55 | 61 |
| ધોરણ 1 | 27 | 21 | 14 | 22 | 20 | 17 |
| ધોરણ 2 | 4 | 21 | 20 | 14 | 21 | 19 |
| ધોરણ 3 | - | 19 | 18 | 21 | 15 | 22 |
| ધોરણ 4 | - | 9 | 16 | 19 | 19 | 18 |
| ધોરણ 5 | - | 16 | 9 | 15 | 13 | 18 |
| ધોરણ 6 | - | - | 14 | 10 | 14 | 10 |
| ધોરણ 7 | - | - | - | 14 | 8 | 10 |
| ધોરણ 8 | - | - | - | - | 12 | 6 |
| ધોરણ 9 | - | - | - | - | - | 4 |
| **Total** | **31** | **128** | **132** | **160** | **177** | **185** |
| ખાનગી શાળાના અભ્યાસ માટે આર્થિક સહાય મેળવેલ વિદ્યાર્થિઓ | - | 44 | 52 | 58 | 53 | 54 |
| કેન્દ્રમાંથી અડધેથી અભ્યાસ છોડયો | 65% | 9% | 8% | 10% | 8% | 5% |
| વાર્ષિક પરીક્ષાનું પરિણામ | 83% | 86% | B+ (85%) | B+ (82%) | B+ (79%) | કોરોનાને લીધે પરીક્ષા લેવાઈ ન હતી |

- વિદ્યાર્થીઓની વર્ગમાં હાજરીની નિયમિતતાની બાબતમાં ઘણો સુધારો થયો છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં વિદ્યાર્થીઓમાં અડધેથી અભ્યાસ છોડવાનું પ્રમાણ ૬૫% જેટલું ઊંચું હતું, જે ઘટીને છેલ્લાં પાંચ વર્ષથી ૧૦% જેટલું રહ્યું છે. આ ઘટાડો બાળકોની વર્ગમાં નિયમિત હાજરી અને શિક્ષણપદ્ધતિનું પરિણામ છે. હા, કેટલાક કિસ્સામાં આ નિયમિતતા જાળવી રાખવા વાલીના નિયમિત સંપર્કમાં રહેવું પડે છે, અને ક્યારેક અનિયમિતતા માટે બાળકોને વર્ગમાં ન આવવા દેવા કે આર્થિક દંડ જેવી શિક્ષા કરવી પડે છે.
- વ્યક્તિગત, સામૂહિક, તેમજ સ્વાવલંબી શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓ અને શિક્ષણ-સામગ્રી ઝીણવટભર્યાં સંશોધનથી વિકસાવી, તૈયાર કરી. જુદા જુદા પ્રકારનાં ફ્લેશકાર્ડ, ચાર્ટ, (દા.ત. ચિત્રો સાથે અને ચિત્રો વગરના વાર્તાઓ માટેના ચાર્ટ, સરવાળા/બાદબાકી, ગુણાકાર/ભાગાકાર, વર્ગીકરણ, સરખામણી, ચડતો-ઊતરતો ક્રમ, ઉચ્ચાર, વગેરે માટેના ચાર્ટ) અને વિડિયો ભેગા કર્યા. ગણિતમાં ધોરણ ૬ અને ધોરણ ૭ ના વિદ્યાર્થીઓ માટે અપૂર્ણાંક અને 'સંખ્યારેખા' માટેના ખાસ 'લેસન પ્લાન' તૈયાર કર્યા. બાળકની ગણિત અને વિજ્ઞાનમાં મૌખિક વિચારશક્તિ વિશે જાણવા અને તેને વિકસાવવા કસોટીપ્રશ્નો ભેગા કરી બાળકો માટે તેનો ઉપયોગ કર્યો.
- બાળકોના ઈતર વાંચન માટે અંગ્રેજી અને હિન્દી ભાષાની ૧૦૦ જેટલી પુસ્તિકાઓનો ગુજરાતીમાં સરળ અનુવાદ કરી સમજાય તે રીતે રજૂ કરી.
- વંચિત વિસ્તારમાં રહેતાં બાળકોને જોવા-જાણવાની બહુ મર્યાદિત તકો મળતી હોય છે. આ કારણે તેમની જાણકારી પણ ઘણી સીમિત હોય છે, અને તેથી પાઠ્યપુસ્તકમાંનાં ઘણાં વર્ણનોનું અર્થઘટન તેઓ કરી શકતાં નથી. આ માટે અમે ટૂંકી વિડિયો કલીપનો સંગ્રહ બનાવ્યો છે, જેમાં પહાડો, નદીઓ, ઝરણાં, દરિયો, વનસ્પતિ, પ્રાણીઓ, પૃથ્વી તથા ડેમ જેવાં જાહેર સ્થળો, વગેરેનો સમાવેશ થાય છે. **આ દૃશ્ય–શ્રાવ્ય (audio-visual) પદ્ધતિ** જુદા જુદા મુદ્દા સ્પષ્ટ કરવા ખૂબ જ ઉપયોગી અને સફળ રહી છે.
- પાઠ્યપુસ્તકની પુરવણીરૂપે બાલમંદિરથી ધોરણ ૮ સુધીનું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કર્યું. આ સાહિત્યમાંથી શિક્ષકોને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન મળે છે.

## ઈતર પ્રવૃત્તિઓ

બાળકોની સર્જનાત્મકતા ઈતર પ્રવૃત્તિ દ્વારા ખીલે છે, બહાર આવે છે.

- ધોરણ ૬ થી ૮ ના ૩૪ વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક સંસ્થા – શૈશવ ( ભાવનગર) દ્વારા આયોજિત

જીવન કૌશલ્ય શિબિરમાં ભાગ લીધો. બાળકોમાં સહકારની ભાવના વિકસે, સ્વતંત્ર રીતે વિચારતાં થાય, એકાગ્રતા વધે, વગેરેને ધ્યાનમાં લઈ બાળકો માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

- કલ્પનાબેન શાહે ચિત્ર, સીવણ, વેસ્ટમાંથી બેસ્ટ જેવી સર્જન પ્રવૃત્તિઓના વર્ગો ગોઠવ્યા.
- વાલીઓ અને વિદ્યાર્થીઓની ICICI બેંકના કર્મચારી સાથે મિટિંગ યોજી. તેનાથી તેઓને બેંક ખાતાની જુદી જુદી બચત યોજના, વગેરેની માહિતી મળી.
- રક્ષાબેન સિસોદિયાએ વાલીઓ અને ધોરણ – ૮ ના વિદ્યાર્થીઓને ઓપન સ્કૂલનો પરિચય આપ્યો. અને ઓપન સ્કૂલ પ્રોગ્રામ માટે નવરચના સ્કૂલ, વડોદરામાં ચાલતા નવપ્રેરણા પ્રોગ્રામની મુલાકાત પણ લીધી.
- અમારા શિક્ષકોએ નૂતન બાલ શિક્ષણ સંઘ, 'બુકારો' (Bookaroo) અને 'અર્લી ચાઇલ્ડહુડ ઓર્ગનાઇઝેશન' (Early Childhood Organization) જેવી સંસ્થાઓ દ્વારા યોજાયેલી ગણિત, સાહિત્ય અને હસ્તકલાની જુદી જુદી કાર્યશાળાઓ (workshops) માં ભાગ લઈ તાલીમ મેળવી.
- વડોદરાના આઇટીઆઈ (ITI) કેમ્પસના કર્મચારીઓ સાથે વાલીઓની મિટિંગ યોજીને ત્યાં ચાલતા અભ્યાસક્રમોથી વાલીઓને માહિતગાર કર્યા.
- દિવાળી અને ઉત્તરાયણ જેવા મોટા ઉત્સવો બાળકો સાથે ઊજવ્યા.
- વાર્ષિક રમતોત્સવનું આયોજન કર્યું.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે યોગ અને ધ્યાનના વર્ગોનું આયોજન કર્યું.

## શૈક્ષણિક પ્રવાસો

- બાળકો માટે કેટલીક જાહેર જગ્યાઓ જેવી કે દૂધ મંડળી, જેલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC ), જથ્થાબંધ શાક માર્કેટ, પોસ્ટ ઑફિસ, બેંક, પોલીસ સ્ટેશન, અગ્નિ શામક કેન્દ્ર, ધાર્મિક સ્થળો, યુનિવર્સિટી પુસ્તકાલય, સેવાસી ગામમાં વાવ, પ્લેનેટેરિયમ, વગેરેની મુલાકાત ગોઠવી.
- બાલમંદિરથી ધોરણ ૨ નાં બાળકોને અવાર-નવાર નજીકના બાગમાં અને પ્રાણીસંગ્રહાલયમાં લઈ ગયા.
- ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કાવી–કંબોઈનો દરિયા–કિનારાનો પ્રવાસ યોજ્યો.
- જાંબુઘોડાના જંગલપ્રવાસનું આયોજન કર્યું. તે સાથે ચાંપાનેરના કિલ્લાની (જેને યુનેસ્કો દ્વારા

વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે) પણ મુલાકાત ગોઠવી.

- સરદાર સરોવર ડેમનો પ્રવાસ ગોઠવ્યો.
- ખેતી કામનો અનુભવ લેવા નાથાભાઈની વાડીની મુલાકાત લીધી.

## વાલીઓની સહભાગિતા (involving parents)

અમે હંમેશાં વાલીઓના સંપર્કમાં રહીએ છીએ. તેમના બાળકની પ્રગતિથી તેમને વાકેફ રાખીએ છીએ. અમે તેમની સાથે તેમનાં બાળકોની કેટલીક મૂળભૂત જરૂરિયાતો બાબતે ચર્ચા કરીએ છીએ. નિયમિત ખાવાનું, નિયમિત ઊંઘવાનું અને સ્વચ્છતા જેવી બાબતો માટે તેમનું ધ્યાન દોરીએ છીએ. આ માટે વાલીઓને વ્યક્તિગત મળીએ છીએ. તેમજ સામૂહિક વાલીમિટિંગ પણ યોજીએ છીએ.

## બાળકોની શાળાના શિક્ષકો સાથે નિયમિત સંપર્ક

અમારા ક્લાસમાં આવતાં બાળકો જે શાળામાં જાય છે, ત્યાનાં શિક્ષકોની સાથે રૂબરૂ મળીને અથવા ફોનથી સંપર્ક કરીને બાળકોની શાળામાં થતી પ્રગતિથી માહિતગાર રહીએ છીએ તેમજ ત્યાનાં શિક્ષકોનાં અમારાં બાળકો માટેનાં મંતવ્યો મેળવીએ છીએ.

## શિક્ષણ પ્રકલ્પની સફળતાની કેટલીક વાતો

- અમારા આઠમા ધોરણના વિદ્યાર્થિઓની પહેલી બેચ ૨૦૧૮-૧૯ માં બહાર આવી. આ વિદ્યાર્થીઓ પહેલેથી જ અમારી સાથે હતાં. એમની સફળતા અને સિદ્ધિનો અમે ગર્વ અનુભવીએ છીએ. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૨ વિદ્યાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓ મહાવીર ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન તરફથી પ્રતિષ્ઠિત બરોડા હાઇસ્કૂલમાં ચાલતા ધોરણ ૯ થી ૧૨ ના વર્ગો માટેની સ્કોલરશીપ માટે પસંદગી પામ્યા. અમારા માટે એ ઘણા ગર્વની વાત છે. તે જ રીતે, ૨૦૧૯-૨૦ ના ધોરણ આઠનાં છ બાળકોમાંથી બે બાળકો સાંઇ એન્જલ ફાઉન્ડેશન, વડોદરાના ધોરણ ૯ થી ૧૨ ના પ્રોગ્રામ માટેની સ્કોલરશીપ માટે પસંદગી પામી શક્યાં.
- અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને માટે રવિવાર અને અન્ય રજાના દિવસે વધારાના વર્ગો રાખવામાં આવ્યા, જેથી ૨૦% વિદ્યાર્થીઓના અભ્યાસમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી.
- કેટલાક કિસ્સાઓમાં વાલીઓ તરફથી બાળકને મારવા, ધમકાવવા કે ડરાવવામાં આવે છે, જેને કારણે બાળકો તેમનાથી ખૂબ જ ડરતાં હોય છે. એક એવી બાળકી તેના વાલીથી એટલી ડરતી કે

તેમનું નામ સાંભળતાં જ રડવા માંડતી. તે વાલી અને બાળકી સાથે આ બાબતે ચર્ચા થયા પછી તેમનો બાળકી સાથેનો વ્યવહાર બદલાયો.

- ધોરણ ૪ ની બે વિદ્યાર્થિનીઓ ખૂબ જ વાતો કરીને વર્ગમાં ખલેલ પહોંચાડતી. શિક્ષકે તેમની તે હરકતથી શિક્ષણકાર્ય અને અભ્યાસને કેવી અસર થાય છે તે પ્રત્યક્ષ બતાવ્યું. વાતો કરતાં અને ન કરતાં બાળકોની પ્રગતિમાં કેવો ફેર હોય છે તે બતાવ્યું, પછી તે ઘણું ઓછું થયું.
- ધોરણ ૫ અને ૬ ના ૧૪ વિદ્યાર્થીઓના અક્ષર ખૂબ જ ખરાબ હતા. એક મહિના સુધી તે સુધારવાનો કાર્યક્રમ ચાલ્યો. જો યોગ્ય રીતે ન લખાયું હોય તો ફરીથી લખવું પડે. શરૂઆતમાં વિદ્યાર્થીઓને આ ન ગમ્યું પણ એક વિદ્યાર્થીને બાદ કરતાં બાકીના વિદ્યાર્થીઓના અક્ષરમાં સુધારો થયો.
- બાળકોને પાઠ્યપુસ્તકની માહિતી યાદ રાખવાનું અઘરું લાગતું હોય છે. વિશેષ કરીને ૬ થી ૮ ધોરણનાં બાળકોનો અભ્યાસક્રમ લાંબો છે. તેમને વિશેષ તકલીફ પડે છે. અમે તેમને પ્રશ્નપત્રો આપીએ છીએ. જ્યાં સુધી સંતોષપ્રદ પરિણામ ન મળે ત્યાં સુધી લખવા આપવામાં આવે છે. જ્યારે તેઓ તેમની સ્કૂલના સારા માર્ક જુએ છે, ત્યારે સારું પરિણામ મેળવવા મહેનત કરવાની પ્રેરણા થાય છે.
- બે પિતરાઇ બહેનો નજીકની સરકારી શાળામાં દાખલ થઈ. શરૂઆતમાં બંનેમાં સાંભળવાની મુશ્કેલી લાગી અને સાથે સાથે લાગણીથી વ્યાકુળ (emotionally disturbed) હોય તેવું પણ જણાતું હતું. તેઓ તેમના શર્ટ, કોલર, અંગુઠો, આંગળી વગેરે ચૂસતી અને ચાવતી રહેતી. શરૂઆતમાં શિક્ષકે તેમના ઘરે બોલાવવા જવું પડતું. તેઓની ચોક કે પેન્સિલની પકડમાં પણ મુશ્કેલી જણાતી હતી. પરંતુ બે મહિના સુધી સતત વ્યક્તિગત ધ્યાન આપી પ્રયત્ન કર્યા પછી તેમનો પેન્સિલ પકડવામાં સુધારો આવ્યો. તેમજ તેમના વર્તનમાં પણ ફેર પડ્યો.
- શરૂઆતમાં વર્ગમાં વિદ્યાર્થીઓ પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાધનો માટે બેદરકારી રાખતા. આ આપણું સૌનું સહિયારું છે, એવું સમજાવ્યા પછી અને સાચવવાની–મૂકવાની જવાબદારી સોંપ્યા પછી સારો ફેર જોવા મળ્યો.
- ૫ થી ૧૦ વર્ષની ઉમરનાં પાંચ પિતરાઇ ભાઈ–બહેનોના વાલીઓ ગુજરાતથી કલકત્તાના વંચિત વિસ્તારમાં રોજગાર અર્થે રહેવા ગયા. અને પછી મુજમહુડા રહેવા આવ્યા. તેઓ તેમનાં માતા પિતાની જેમ ક્યારેય શાળાએ ગયા નહોતા. મૂળાક્ષર શીખવાડવામાં અમે તેમના નામનો પહેલો અક્ષર, માતાપિતા, ભાઈ–બહેનો, કાકા -કાકી , દાદા- દાદી, વગેરેનાં નામના પહેલા અક્ષર એ રીતે શીખવવાનું શરૂ કર્યું. આ પદ્ધતિએ તેમની ભણવાની ભૂખ ઉઘાડી. તેઓ શિક્ષક

આવે તે પહેલાં આવીને રાહ જોતાં. તેમના ઉત્સાહને કારણે તેમને ૪ ને બદલે ૬ કલાક સમય આપવાનું નક્કી કર્યું. તે બધાંએ જ ખૂબ ઉત્સાહથી વધારે મહેનત કરી. અમે નજીકની શાળાના આચાર્યને મળ્યા અને તેમને યોગ્યતા પ્રમાણે જે તે ધોરણમાં દાખલ કરવામાં આવ્યાં.

- બીજા ધોરણની એક વિદ્યાર્થિનીની વાત છે. એ જ્યારે દાખલ થઈ ત્યારે અભ્યાસમાં પહેલા ધોરણના અભ્યાસમાં મુશ્કેલી અનુભવતી હતી. પેન પકડવામાં મુશ્કેલી પડતી હતી. પરંતુ તેના પર ધ્યાન આપવાથી તેણે પહેલા ધોરણનો અભ્યાસ ૬ મહિનામાં પૂરો કર્યો અને અભ્યાસમાં ધોરણ બેનાં બીજાં બાળકો સાથે થઈ ગઈ. તેણે હિન્દી અને અંગ્રેજી મૂળાક્ષરો પણ ઝડપથી શીખી લીધા. આ હોંશિયાર છોકરીએ તેની માતાને અંગુઠો મારવાને બદલે લખીને સહી કરતાં શીખવી દીધું. એનું જોઈને બીજા પણ કેટલાક વિદ્યાર્થીઓએ તેમની માતાઓને પોતાનું નામ લખતાં શીખવી દીધું છે.
- એક દસ વર્ષની વિદ્યાર્થિની, જેને તાળવાની સર્જરી કરવી પડી હતી અને બોલવામાં તકલીફ પડતી હતી. પ્રવેશ વખતે તે માનસિક રીતે પણ નબળી જણાતી હતી. અમારા વ્યક્તિગત ધ્યાન અને વિશેષ કાળજીથી તેણે બે વર્ષનો અભ્યાસ એક વર્ષમાં પૂરો કર્યો. આનંદની વાત એ છે કે હમણાં તે ૧૦મા ધોરણનો અભ્યાસ કરે છે.
- બાળકોને નાની ઉંમરે ઉતાવળ કરીને શાળામાં દાખલ ન કરવા અમે વાલીઓને સમજાવીએ છીએ. શરૂઆતમાં વાલીને આ સમજાવવામાં અમને ઘણી તકલીફ પડતી હતી. હવે થોડા વાલીઓ આ વાત સમજે છે. કેટલાંક વાલીઓને અમે તેમનાં બાળકને ફરીથી નીચેના ધોરણમાં મોકલવા પણ સમજાવી શક્યા. ત્યાર પછી આ બાળકો વધુ સારી રીતે અભ્યાસ કરી શકે છે.
- પાંચ વર્ષની એક બાળકીનાં દાદી તેને ભણાવવા ખૂબ જ ઉત્સુક હતાં. અમે તેને પ્રાઈવેટ શાળામાં જવા માટે આર્થિક સહાય આપવાનું વિચાર્યું. પ્રાઈવેટ સ્કૂલના પ્રિન્સિપાલ પ્રવેશ આપતા પહેલાં બાળકને મળવા માંગતા હતા. અમે તે બાળકીના ઘરે સારા સમાચાર લઈને ગયા, પણ બાળકી ત્યારે જ વેકેશનમાં તેના કાકાને ઘરે જવા નીકળી ગઈ હતી. તેનાં દાદીમાને તેનો પ્રવેશ રદ થશે તેવી ચિંતા થઈ. તે બને એટલી તાકીદથી રેલવે સ્ટેશને પહોંચી ગયાં, અને દીકરીને પાછી લઈ આવ્યાં, અને બીજે દિવસે પ્રાઈવેટ સ્કૂલમાં તેનું નામ દાખલ થયું.
- સાત ધોરણના વર્ગખંડોની વ્યવસ્થા થયા પછી ૮ મા ધોરણનાં બાળકો માટે (આપણે આપી શકીએ તેટલા ભાડાના દરમાં) વર્ગખંડ શોધવાનું ખૂબ જ મુશ્કેલ હતું. વાલીઓની મિટિંગમાં આની ચર્ચા થઈ, ત્યારે તેમનામાંનાં ઘણાંએ જરૂર પડે તો વધુ ભાડું આપવા વધારાની ફી ભરવાની તૈયારી બતાવી.

## શૈક્ષણિક કાર્યની કદર

- **વાલીઓના કેટલાક પ્રતિભાવો**
  - "અહીં શિક્ષણ આપવાની પદ્ધતિ ઉત્તમ છે."
  - "વંચિત વિસ્તારની અંદર જ શિક્ષણ સહાય કેન્દ્ર છે એટલે અમે નિશ્ચિંત થઈને, સલામતીની ચિંતા કર્યા વિના બાળકોને એકલાં ચાલીને જ મોકલી શકીએ છીએ. લેવા-મૂકવા માટે અમારો સમય અને પૈસા બંનેનો બચાવ થાય છે."
  - "બાળકોને અહીં ખૂબ પ્રેમ અને લાગણીથી ભણાવતાં હોવાથી બાળકો સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરે છે."
  - "અન્ય ખાનગી વર્ગોમાં વર્ષની ફી આઠથી દસ હજાર રૂપિયા છે, જ્યારે અહીં માત્ર વર્ષના છસો રૂપિયામાં બાળકો સારામાં સારું જ્ઞાન સંપાદન કરે છે."
  - "અહીં બાળકો ઓછાં તોફાની અને વધુ આજ્ઞાકારી જોવા મળે છે અને ઘરે પણ મદદ કરે છે."
- **વિદ્યાર્થીઓના કેટલાક પ્રતિભાવો**
  - "અહીં શિક્ષકો કોઈ પણ જાતના ભેદભાવ વિના બધાંને સરખા પ્રેમથી ભણાવે છે એટલે અમને અહીં આવવાનું બહુ ગમે છે."
  - "અમને વર્ગમાં ન સમજાતા મુદ્દા વિષે અમે અમારા શિક્ષકને ગભરાયા વગર પૂછી શકીએ છીએ."
  - "અહીં શિક્ષકો બાળકોને મારતા નથી."
  - "અમને અમારા વિચારો રજૂ કરવાની પૂરી સ્વતંત્રતા છે."
  - "ફીની રકમ ઓછી હોવાથી અમારાં માતપિતાના (વાલીના) પૈસા બચે છે અને અમને સારું ભણવા મળે છે. અમારામાંથી ઘણા બધાં શિક્ષક, ઍંજિનિયર, પોલીસ, ડોક્ટર અને સૈનિક બનવા ઇચ્છીએ છીએ."
- સુરતના આઈ. જી. દેસાઈ વિદ્યા સંકુલમાંથી પ્રાથમિક વિભાગનાં ૨૮ શિક્ષક ભાઈ-બહેનોએ અમારા શિક્ષણ કેન્દ્રની મુલાકાત લીધી. તેઓએ અમારા શિક્ષણકાર્યનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી અમારી પદ્ધતિ સમજવા પ્રયત્ન કર્યો. પ્રત્યક્ષ શૈક્ષણિક વર્ગોના નિરીક્ષણ બાદ અમારી સાથે પ્રશ્નોત્તરીનો સમય ફાળવ્યો, અને અમારા કામથી વધુ માહિતગાર થયા. તેઓ અમારા કામથી

ખૂબ જ પ્રભાવિત થયા. અમારી જે બાબતો તેમને વિશેષ ગમી, તે નીચે મુજબ છે :

- નાનો વર્ગ અને બાળકો પર વ્યક્તિગત ધ્યાન.
- શૈક્ષણિક સાધનો વિકસાવવાં અને તેનો ઉપયોગ કરવો.
- વર્ગશિક્ષણમાં પાઠોનું આયોજન અને શૈક્ષણિક સાધનોનો ઉપયોગ.

અમે અમારું શૈક્ષણિક સાહિત્ય અને સાધનો તેમને આપ્યાં, જેથી તેઓ તેમનાં બાળકો માટે ઉપયોગમાં લઈ શકે.

- કલ્પનાબેન શાહ અને તેમના સાથીઓ વંચિત અને જરૂરિયાતમંદ બાળકોમાં ઈતર પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. અમારાં બાળકો માટે પણ તેઓ ઈતરપ્રવૃત્તિઓનું આયોજન કરે છે. એમના ધ્યાન પર આવ્યું કે બીજાં બાળકોની સરખામણીમાં કોશિશ–મિલાપનાં બાળકો વધુ આત્મવિશ્વાસ ધરાવનારાં અને સ્વાભિમાની છે.
- ઘણાં બાળકોએ શાળાએ જવાને બદલે અહીં ક્લાસમાં જ ભણવા માટેની ઇચ્છા દર્શાવી છે. અમે એક શાળા શરૂ કરવાની શક્યતા બાળકો સમક્ષ દર્શાવી, તો તરત લગભગ બધાં જ બાળકોનો એક જ પ્રતિભાવ હતો, "અમે અમારી શાળાએ જવાનું આજથી જ બંધ કરી દઈએ?"

## શિક્ષણ કાર્ય માટે અવરોધક પરિબળો

એક તરફ અમારા શિક્ષણ સહાય કેન્દ્રને કારણે ઘણા વિદ્યાર્થીઓ અને કુટુંબોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, પણ સાથે બીજી એવી બાબતો ધ્યાનમાં આવે છે, જે અમારા કામને અવરોધરૂપ હોય એવું અમે સ્પષ્ટ અનુભવીએ છીએ.

- અમારાં બાળકો ત્રણેક કલાક અમારા કેન્દ્રમાં આવે છે. પણ પછી ૫-૬ કલાક જે શાળામાં પસાર કરે છે, ત્યાંનું નબળું સ્તર.
- મોટે ભાગે વાલીઓ પોતે નિરક્ષર છે, અને કેટલીક સમજદારી કે જાગૃતિનો અભાવ દર્શાવે છે. તેઓ બાળકોને પ્રોત્સાહન કે ઘરમાં શિક્ષણનું વાતાવરણ પૂરું પાડી શકતાં નથી. આવી પરિસ્થિતિમાં બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે, ઉપલાં ધોરણમાં આવતાં જાય છે, અભ્યાસક્રમ પ્રમાણમાં વધુ ઝડપી અને અઘરો થતો જાય છે, તેમ તેમ તેઓ અભ્યાસમાં પાછળ પડતાં જાય છે. પોતાના ધોરણ પ્રમાણે અભ્યાસનું સ્તર જાળવી શકતાં નથી. આવા ઘણા વિદ્યાર્થીઓ ૮મા ધોરણ પછી શાળા છોડી દે છે.

- ઘરનું વાતાવરણ અભ્યાસ માટે અનુકૂળ ન હોવું. નાનાં ઘરો કે જેમાં બાળકને માટે જગ્યાનો અભાવ.
- મા-બાપ બંને બહાર કામે જતાં હોય ત્યારે નાનાં ભાઈ-બહેનો અને ઘરના કામની જવાબદારી.
- ઘરના અને આજુબાજુના કજિયા-કંકાસની અસર બાળકના માનસ પર થાય છે.
- ટી.વી., મોબાઈલ ફોન વગેરેનો વધારે પડતો ઉપયોગ.
- વાલીઓમાં જુદાં જુદાં વ્યસનો.
- તરુણાવસ્થામાં અંત:સ્રાવોની અસરના પ્રશ્નો.
- મિત્રોના ખરાબ સંગની અસર.
- જંકફૂડનો વધુ વપરાશ, પૂરતા પોષક આહારનો અભાવ, ગરીબીમાં જીવતાં લોકોમાં સમતોલ – પોષક આહારનો પ્રશ્ન રહે જ, જેને લીધે બાળકના માનસિક વિકાસ પર પણ અસર પડે છે.

## વંચિત વિસ્તારનાં બાળકો : અમારી પ્રેરણા

બાળકો એકંદરે ખૂબ પ્રામાણિક અને પ્રેમાળ હોય છે. ૫-૭ જણનું કુટુંબ એક નાના રૂમના ઘરમાં રહેતું હોય, એમાં ઘણી અગવડો વચ્ચે ઊછરતાં બાળકોના ચહેરા પર તરવરાટ ઉમંગ, ઉત્સાહ અને હેતભર્યું સ્મિત લગભગ હંમેશાં જોવા મળે છે.

- સફાઈ કામો જેવાં કે વર્ગખંડની સફાઈ, ગોઠવણી, વસ્તુઓ ખસેડવી, વગેરે ખૂબ જ ઉત્સાહથી કરતાં હોય છે. ચોમાસામાં વિશ્વામિત્રી નદીના પૂરનાં પાણી વર્ગખંડમાં ભરાઈ જવાં એ સામાન્ય બાબત છે. તે વખતે વર્ગખંડોની સફાઈ, સામાન ખસેડવો, વસ્તુઓ પોતાના ઘરે જઈને સાફ કરવી, વગેરે કામમાં બાળકો ઉત્સાહભેર ભળે છે. (મધ્યમ-ઉચ્ચમધ્યમ વર્ગનાં બાળકોમાં ક્યારેક આનો અભાવ જોવા મળે છે.)
- શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં ને જવાબદારીઓ ઉઠાવવામાં રસપૂર્વક ભાગ લેતાં હોય છે.
- રોજ સવારે અમારા શિક્ષણકેન્દ્રનું કામ ચાલે છે. રજાઓના સમયમાં વિદ્યાર્થીઓ શિક્ષકોને બપોર પછી પણ વર્ગમાં હાજર રહી અભ્યાસમાં મદદરૂપ થવા જણાવે છે. તે માટે શિક્ષકો માટે જમવાની વ્યવસ્થા પણ કરી દે છે. વાલીઓ પણ તે માટે ઉત્સાહ બતાવે છે.
- આટલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવન જીવતાં હોવા છતાં વાલીઓ બાળકોના ભણવા માટે આર્થિક સગવડ કરી દે છે, અને તેની અગત્ય સમજે છે. કેટલીક વાર ઘણી વધારે પડતી મુશ્કેલીઓનો મૂંગે મોઢે સામનો કરીને પણ બાળકોના અભ્યાસ માટેની આર્થિક વ્યવસ્થાને

પ્રાથમિકતા આપતાં જોવા મળે છે. પહેલાં કરતાં વર્ગમાં હાજરીની નિયમિતતા ઘણી વધી છે.

- પોતાની દ્રઢ માન્યતાઓ અને સમાજનાં દબાણોને અવગણીને બાળકોમાં અને વાલીઓમાં રજા લેવા બાબતે, સમયસર ફી આપવા બાબતે, છોકરીઓને ભણાવવા બાબતે ઘણા હકારાત્મક ફેરફાર જોઈ શકાય છે અને એ ફેરફાર લાવવા માટે તેઓ પ્રયત્ન પણ કરી રહ્યા છે.

- સમજવામાં અને ચર્ચા કરવામાં અઘરા જણાતા મુદ્દાઓમાં ઘણી વખત બાળકોનું કુતૂહલ અને તર્ક આશ્ચર્ય પમાડે તેવાં હોય છે. કેટલાક પ્રશ્નોના જવાબ આપવા શિક્ષક માટે પણ અઘરું બની જતું હોય છે, અને માહિતી મેળવવી પણ મુશ્કેલ બની જાય છે. એવા કેટલાક છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓના મજાના પ્રસંગો :

  - માછલીમાં શ્વસનની પ્રક્રિયાની ચર્ચા ચાલતી હતી, ત્યારે એક વિદ્યાર્થીએ સવાલ કર્યો કે, જલજ વનસ્પતિ પાણીમાં ઓગળેલા ઓક્સિજનનો ઉપયોગ કઈ રીતે કરે છે? માછલીમાં જેમ ચૂઈ હોય છે, તેમ તેમાં પણ કોઈ વિશિષ્ટ અંગ હોય છે?

  - સમાજવિદ્યા વિષયમાં જુદા જુદા પ્રકારના ભેદભાવની ચર્ચા ચાલી રહી હતી. ભારતમાં પ્રવર્તતા ભેદભાવો- જેવા કે, જાતિગત, આર્થિક પરિસ્થિતિને કારણે, સ્ત્રી –પુરુષ અસમાનતા, ધર્મને આધારે ભેદભાવ વગેરે અને તેને કારણે ઊભા થતા પ્રશ્નો વિશેની વાતમાં સ્કેન્ડીનિવીઅન દેશો (ફીનલેંડ, નૉર્વે, સ્વીડન, ડેનમાર્ક)માં ભેદભાવોનું પ્રમાણ ઓછું છે, એવો ઉલ્લેખ થયો. ફિનલેન્ડથી એક બહેન તેના અભ્યાસના ભાગ રૂપે અમારે ત્યાં શિક્ષણના કામ માટે આવી હતી. તે બાળકોને અંગ્રેજી શીખવતી, એટલે બાળકો ફિનલેન્ડ દેશથી થોડાં પરિચિત હતાં, એટલે ત્યાંની વાત કરી. ભારતની સરખામણીમાં ત્યાં ઘણા સારા પ્રમણમાં સમાનતા છે. આ જાણીને વર્ગના બધા જ વિદ્યાર્થીઓએ કહ્યું કે આપણે ફિનલેન્ડ જવું છે. એટલે શિક્ષકે કહ્યું કે પણ તે માટે પાસપોર્ટ મેળવવો જરૂરી હોય છે. ત્યારે બાળકોએ જવાબ આપ્યો : પાસપોર્ટ મેળવીને જવું પડે તે પણ એક જાતનો ભેદભાવ નથી? આપણે ફિનલેન્ડ નથી જવું. (બાળકો પાસપોર્ટની અગત્ય-જરૂરિયાત વગેરે સમજવા નાનાં છે)

- એક વખત વર્ગમાં સ્ત્રી-પુરુષ લિંગભેદને કારણે આપણા સમાજમાં જે ભેદભાવ રાખવામાં આવે છે તેની ખૂબ ચર્ચા થઈ. અહીં વંચિત વિસ્તારમાં પ્રાઈવેટ શાળામાં દાખલ કરવામાં, નાનાં ભાઈ-બહેનની સંભાળ રાખવામાં, છોકરા-છોકરીઓમાં ભેદભાવ રાખવામાં આવે છે. દીકરાના જન્મની રાહ જોવામાં કુટુંબનિયોજનનો અભાવ એ સામાન્ય બાબત છે.

મુજમહુડાનાં વંચિત બાળકો અને પરિવારો સાથે કામ કરવું એ અમારા માટે ખૂબ મોટી વાત છે. અમે કેટલાં નસીબદાર છીએ કે આ બૃહદ પરિવાર અમારા સહયાત્રીઓ બનીને, પ્રેરકબળ બનીને અમારું ઊર્ધ્વારોહણ કરી રહ્યાં છે.

## શિક્ષણ પ્રવૃત્તિઓના વિસ્તરણનું આયોજન

ઉપરની બાબતો ધ્યાનમાં લેતાં, અમારી મહેનતની સામે ઊભાં રહેતાં અવરોધક પરિબળો દૂર કરવા અમે અમારા કામનું – શિક્ષણની પ્રવૃત્તિનું વિસ્તરણ કરવાનું નીચે પ્રમાણે આયોજન કર્યું છે :

- બાળકો અને વાલીઓની સમજણ અને વર્તણુંકમાં સુધારા થઈ શકે તે માટે વધુ સારું માર્ગદર્શન અને કાર્યક્રમો યોજવા આયોજન કરીએ છીએ.
- **વાચનાલય સાથેનું પુસ્તકાલય** : વસાહતમાં એક વાચનાલય સાથેનું પુસ્તકાલય હોય એવું આયોજન કરીએ છીએ, જેથી અભ્યાસ માટે સારી જગ્યા અને સારું વાતાવરણ મળી રહે, એકાગ્રતા વધે અને સાથે અભ્યાસની એવી પદ્ધતિ દાખલ કરવી છે કે જેથી બાળકોનું અભ્યાસમાં સ્વાવલંબન વધે.
- શનિ–રવિ અને રજાના દિવસોમાં ભાષાઓ (હિન્દી -અંગ્રેજી –ગુજરાતી) શીખવવા માટેના, રમતો માટેના, હસ્તકલા, સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકળા, વગેરે શીખવવા માટેના વર્ગોનું આયોજન કરવું.
- **માન્ય શાળા શરૂ કરવી (Formal School) :** અમે શિક્ષણની જે સફળ પદ્ધતિઓ, સાધનો વગેરે વિકસાવ્યાં છે તેનો પૂરેપૂરો સફળતાપૂર્વક ઉપયોગ કરી શકીએ એવી બાલમંદિરથી ૧૦ ધોરણ સુધીની એક માન્ય શાળા શરૂ કરવાનું પણ અમે આયોજન કરીએ છીએ. અત્યારે અમે બાળકોને માત્ર સવા ત્રણ કલાકનો સમય આપી શકીએ છીએ. બાળકોને પણ બે જગ્યાએ ભણવામાં સમય – શક્તિ ખર્ચાય તેથી વધુ પડતું ભારણ બને, ઉપરાંત શાળાઓમાં તેમના સમયનો પૂરેપૂરો સારો ઉપયોગ પણ થતો નથી. આને લીધે બાળકોની ક્ષમતા પ્રમાણે તેઓને સફળતા નથી મળતી. અમે વિચારીએ છીએ કે ૮ કલાકની દિવસની શાળા હોય, જેમાં ૫ કલાક ઔપચારિક શિક્ષણ (Formal Education, ૧ કલાક ગૃહકાર્ય (Homework), ૨ કલાક ઈતર પ્રવૃત્તિઓ (Extra Curricular Activities) કરાવવામાં આવશે. દરેક બાળક પર વ્યક્તિગત ધ્યાન આપી શકાય તેવું ગોઠવીશું. અમારું લક્ષ છે કે બાળકો સ્વતંત્ર રીતે વિચારતાં થાય, અને તેઓમાં જાતે શીખવાની ટેવ પડે. ઉપરાંત અમે બને એટલી વધુ સાદાઈ પર ભાર મૂકીશું, દુનિયાની ઘટનાઓની ચર્ચા કરીશું, રસોઈ, બાગકામ, સુથારી કામ, વીજળીને લગતું કામ, વગેરે રોજિંદા જીવનનાં કૌશલ્યો મેળવે તેવું ગોઠવીશું. અમે બીજી શાળાના શિક્ષકોને પણ તાલીમ આપીશું. જેથી આપણી વિકસાવેલી પદ્ધતિનો વધુ બાળકોને લાભ મળે.

# વંચિત વિસ્તારના લોકો માટે આરોગ્ય સેવા-કાર્ય

મુજમહુડાના વંચિત વિસ્તારના લોકો માટે ખૂબ જ રાહત દરે, ઊંચી ગુણવત્તાવાળી સ્વાસ્થ્ય સુરક્ષા પૂરી પાડવામાં આવે છે. તે માટે આ વિસ્તારમાં જ દવાખાનું ચલાવવામાં આવે છે. સામાન્ય રોગો માટેની દવાઓ ખૂબ જ રાહત દરે દવાખાનામાંથી જ આપવામાં આવે છે. દર્દીઓને તંદુરસ્ત જીવનશૈલી માટે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.

## આરોગ્ય સેવા-કાર્યની યાત્રા

દસ વર્ષ પહેલાં મુજમહુડાની ઝૂંપડપટ્ટીમાં એક નાના ભાડાના રૂમમાં દવાખાનું ચાલુ કર્યું. શરૂનાં ત્રણ વર્ષો સુધી એક જ ડૉક્ટર આ દવાખાનામાં કેસ કાઢવાનું, નિદાન કરી દવા આપવાનું, જરૂર પડે ઈન્જેકશન અને ડ્રેસિંગ કરવાનું, ફી લેવાનું અને ક્યારેક દવાખાનામાં કચરો કાઢવાનું કામ કરતા. પહેલા વર્ષે દિવસમાં સરેરાશ આઠ દર્દીઓ આવતા. અમે નવા દવાખાના માટે ઘરે-ઘરે પ્રચાર કર્યો. બે વર્ષ પછી જગ્યા નાની પડવા લાગી અને દવાખાનું વિસ્તારના મધ્યમાં લઇ ગયા. શરૂમાં ઘણા દર્દીઓ આવીને ઈન્જેકશન અને શક્તિના બાટલા ચઢાવવાની માંગણી કરતા. અમે તેમને સમજાવતા કે બને તેટલી ઓછી અને સસ્તી દવાથી ફાયદો થાય તો શા માટે ભારે દવા કે ઈન્જેકશન વાપરવાં? ધીરેધીરે અમારી પદ્ધતિમાં વિશ્વાસ બેઠો અને પાંચ વર્ષે રોજના સરેરાશ દર્દીઓ ૩૮ થયા અને કોઈ દિવસે ૫૦-૬૦ થવા માંડ્યા. ઘણા દર્દીઓ બીજી ઝૂંપડપટ્ટી, કોલોની, શહેરના દૂરના વિસ્તાર અને નજીકના ગામડેથી આવવા માંડ્યા. હવે નોંધાયેલા દર્દીઓની સંખ્યા ત્યાંની વસ્તી કરતાં ૩ થી ૪ ગણી થઈ ગઈ છે. હવે બીજા એક ડૉક્ટર અને બે આરોગ્ય સહાયકોની મદદથી દવાખાનું ચાલે છે.

## આરોગ્ય સેવા-કાર્ય માટેનો અમારો અભિગમ

અમારા કાર્ય વિસ્તારમાં જ ચાલતા દવાખાનામાં બધી જ ઉંમરના દરદીઓ (શિશુઓ, બાળકો, તરુણો, યુવાનો, વૃદ્ધો)ને પ્રાથમિક આરોગ્યની સુવિધા પૂરી પાડવામાં આવે છે. અમારું લક્ષ સસ્તા દરે સારી સ્વાસ્થ્ય સુવિધા લોકોને મળે તે રહ્યું છે, જેમાં

- MBBS / MD ડોક્ટર દ્વારા વિના મૂલ્યે તપાસ થાય છે.
- **રાહત દરે દવા વિતરણ** : દવાખાનામાંથી જ શરદી, મેલેરિયા, બીજા ચેપી રોગો, ચામડીના રોગો, સ્નાયુ પરનો સોજો – દુખાવો, એસિડીટી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, અસ્થમા, ખેંચ, ડીપ્રેશન, ઝાડા, કાન- આંખમાં ચેપ, અને ખીલ જેવી તકલીફો માટે દવા આપવામાં આવે છે.

વિશેષ કરીને જેનેરિક દવાઓનો ઉપયોગ કરીને, બિન જરૂરી ઇન્જેકશનનો ઉપયોગ ટાળીને અને ટ્રસ્ટ તરફથી ભંડોળ ઊભું કરીને અમે સસ્તી દવા ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. દવાખાનામાં લગભગ ૧૨૦ જાતની દવાઓ રાખવામાં આવે છે.

- દવાખાનામાં બીપી અને ડાયાબિટીસ જેવા રોગોની ચકાસણી કરવામાં આવે છે.
- **સ્વાસ્થ્ય માટે માર્ગદર્શન** : અમે બીમારી ન આવે તેના માટે ભાર મૂકીએ છીએ. તે માટે રસીકરણ, સ્વસ્થ જીવનશૈલી (સ્વચ્છતા, સમતોલ આહાર, નિયમિતતા વગેરે) અપનાવવા અને વ્યસનો (ગુટકા, ધૂમ્રપાન, દારૂ વગેરે) થી મુક્ત રહેવા માર્ગદર્શન આપીએ છીએ.
- **રાહત દરે આરોગ્ય સેવા** : સામાન્ય તકલીફો માટે ત્રણ દિવસની દવા ૧૦ થી ૨૦ રૂપિયાની હોય છે. તથા હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવા લાંબા ગાળાના રોગો માટેની એક દવા એક મહિનાના લગભગ ૧૦ રૂપિયામાં જ આપીએ છીએ, જેથી દર્દી આર્થિક સંકડામણને કારણે દવા લેવામાં અનિયમિત ન થઈ જાય અને મોટી તકલીફમાં મુકાઈ ન જાય.

## આરોગ્ય સેવા કાર્યની સિદ્ધિઓ

**નોંધાયેલા અને સારવાર પામેલા દર્દીઓની સંખ્યા**

| | 2010-11 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|---|---|
| નોંધાયેલા કુલ દર્દીઓ | 506 | 5754 | 7000 | 8035 | 8712 | 9458 |
| નવા નોંધાયેલા દર્દીઓ | - | 1239 | 1246 | 1035 | 677 | 746 |
| સારવાર પામેલા દર્દીઓ | 1134 | 13363 | 15213 | 13935 | 11264 | 9616 |
| રોજના સરેરાશ દર્દીઓ | 8 | 43 | 50 | 46 | 38 | 38 |

- વર્ષ ૨૦૧૦ – ૧૧ માં નોંધાયેલા કુલ દર્દીઓની સંખ્યા ૫૦૬ હતી, જે વધીને ૨૦૧૯ –૨૦ માં ૯૪૫૮ થઈ. મુજમહુડા જેવા વંચિત વિસ્તારની વસ્તી (લગભગ ૨૫૦૦) કરતાં નોંધાયેલા દર્દીની સંખ્યા ત્રણ ગણીથી વધારે છે. ઘણા દર્દીઓ બીજી ઝૂંપડપટ્ટીમાંથી, વડોદરા શહેરના બીજા ભાગોમાંથી અને નજીકનાં શહેરો અને ગામોમાંથી આવે છે.
- દરરોજ સરેરાશ ૩૮ દર્દીઓને સારવાર મળે છે. ક્યારેક એક દિવસમાં દર્દીની સંખ્યા ૫૦ થી પણ વધુ હોય છે.
- ડાયાબિટીસ, બ્લડપ્રેશર, અસ્થમા વગેરે જેવા લાંબા ગાળાના રોગોના દર્દીઓને દવા માટે ઘણી વધારે રાહત આપી શક્યા (જેમ કે, બ્લડ પ્રેશરની અને ડાયાબિટીસની એક મહિનાની દવાના ફક્ત ૧૦ જ રૂપિયા).

## કોશિશ-મિલાપ ટ્રસ્ટ

- છેલ્લાં સાત વર્ષમાં અમે કુલ ૩૫૫ નિર્ધૂમ ચૂલા (જેમાં લાકડું બાળવામાં આવે છે) વંચિત વિસ્તારના રહેવાસીઓમાં પહોંચાડ્યા. ૧૪૦૦ રૂ. ની મૂળ કિંમતનો આ ચૂલો ૫૦૦ રૂ.ના રાહત દરે આપ્યો. મોટા ભાગના લોકો અહીં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ કરે છે. આ ચૂલો ધુમાડાથી બચાવે છે, જેથી કેન્સર, લકવો, શ્વસનતંત્રના રોગો જેવા કે અસ્થમા, ટીબી, વગેરેની શક્યતા ઘટાડે છે. તેમ જ સમય અને બળતણનો પણ બચાવ કરે છે.
- યુવા પ્રગતિ ઇનકોર્પોરેશન (Yuva Pragati Inc, USA) દ્વારા નવસારી નજીકની જુદી જુદી આશ્રમ શાળાઓમાં યોજાતા યુવા આરોગ્ય કેમ્પમાં ડૉ. કિશોર મિસ્ત્રી છેલ્લાં દસ વર્ષથી ડૉક્ટર તરીકે સેવા આપે છે.
- પૂરમાં અસરગ્રસ્ત લોકોને માટે સહજ શિશુમિલાપ સંસ્થા સાથે જોડાઈને રાહત કાર્ય કર્યું. તેમાં દર્દીઓને સામાન્ય રોગો માટે સારવાર અને દવાઓ વિનામૂલ્યે આપી, તેમ જ સારવાર માટે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું.
- સ્વાસ્થ્ય સંબંધી ત્રણ પુસ્તકો પ્રકાશિત કર્યાં. ૧. "કેન્સરની શક્યતાઓ કઈ રીતે ઘટાડી શકાય?" ૨. “પ્રદૂષણ અને આપણું સ્વાસ્થ્ય” ૩. “Pollution and Our Health”.

## આરોગ્યસેવાની સફળતાની કેટલીક વાતો

- ૬૫ વર્ષના એક દર્દીને કેટલાક મહિનાઓથી કફની બીમારી હતી. અહીં આવતા પહેલાં બીજા ડોક્ટર પાસેથી ઇન્જેક્શન અને દવાઓ દ્વારા સારવાર મેળવી હતી, પણ કંઈ ફેર ન પડતાં અહીં આવ્યા. તેમની માંદગીની પૂર્વ ઘટનાઓ ('હિસ્ટ્રી') પૂરેપૂરી જાણી અને યોગ્ય શારીરિક તપાસ કર્યા પછી નિદાન કર્યું. ધુમ્રપાનની ટેવને કારણે દમ (COPD, Chronic Pulmonary Obstructive Diseases) ની તકલીફ થઈ હતી. તેમને થોડી ગોળીઓ અને નેબ્યુલાઈઝરના ઉપયોગથી ઝડપથી રાહત થઈ. ત્યાર પછી તે અમારી પાસે બીજા એક પેશન્ટને એવું કહીને લઈ આવ્યા કે અહીંની દવાથી સારું થઈ જાય છે, વળી રાહત દરે કામ થાય છે અને ઈંજેક્શન પણ ઓછાં આપે છે.
- એક ૩૦ વર્ષનો યુપીનો યુવાન, જે રોજગાર માટે અહીં પેઈંટરનું કામ કરતો હતો, તે મેલેરિયા જેવાં લક્ષણો સાથે દવાખાને આવ્યો. એને દવાની ગોળીઓ આપી. થોડું સારું થયું. એટલે એને એક રાહત દરની પેથોલોજીકલ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા જણાવ્યું. છતાં તેના મિત્રએ બીજા એક પ્રાઈવેટ ડોક્ટર પાસે જવા કહ્યું. એ ડોક્ટરે પણ લગભગ તેવા જ ટેસ્ટ કરાવવા બીજી એક ખાનગી લેબોરેટરીમાં જવા જણાવ્યું. (સામાન્ય રીતે ડોકટરોને લેબોરેટરી પાસેથી ૨૫% જેટલી રકમ ભલામણ પેટે મળે એવી ગોઠવણ હોય છે.) ટેસ્ટના રીઝલ્ટ પ્રમાણે ક્લોરોક્વીન રેઝીસ્ટંટ મેલેરિયા હતો. અને સાથે હિમોગ્લોબીન ઘણું ઓછું થઈ ગયું હતું. પ્રાઈવેટ ડોકટરે તેને

હિમોગ્લોબીન વધારવા તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થવા અને લોહીની બોટલ ચડાવવી પડશે તેવું કહ્યું. આ ટ્રીટમેન્ટ માટે ૧૮,૦૦૦ રૂપિયાનો અંદાજ આપ્યો, જે દર્દીના ત્રણ મહિનાના પગાર જેટલી રકમ હતી. તે અમારા દવાખાનામાં આંખમાં આંસુ સાથે આવ્યો. તેની પાસે ટ્રીટમેન્ટ માટેના પૈસા હતા નહિ એટલે તે પાછો વતનમાં (યુપી) જવા વિચારતો હતો. અમે તેને ખાતરી આપી કે હોસ્પિટલમાં દાખલ થયા વગર અને લોહીના બાટલા ચડાવ્યા વગર સારું થઈ જ જશે. મેલેરિયા માટે ઇન્જેક્શન અને લોહી વધવા માટેની ગોળીઓ શરૂ કરી. ફરીથી ટેસ્ટ કરાવતાં હિમોગ્લોબીન ઝડપથી વધેલું જણાયું. મેલેરિયાનાં લક્ષણ જતાં રહ્યાં અને તેણે તેનું કામ શરૂ કરી દીધું.

- એક માતા, કે જેને અમારા દવાખાના માટે ખૂબ શ્રદ્ધા ઊભી થઈ હતી, તે એક દિવસ તેની અમદાવાદ રહેતી દીકરીને લઈને અમારી પાસે આવી. એ દીકરીને પેઢુમાં દુ:ખતું હતું અને શ્વેતપ્રદર (leucorrhea)ની ફરિયાદ હતી. તે અગાઉ પણ બીજા ડોક્ટરને બતાવી ચૂકી હતી અને ૩૦૦૦ રૂ. ખર્ચી ચૂકી હતી, પણ સારું થયું નહિ. તેની 'હિસ્ટ્રી' બરાબર જાણ્યા પછી અને શારીરિક તપાસ કરીને તેને પેઢુના સોજાની તકલીફ માટે દવા આપી. તેને ઝડપથી સારું થઈ ગયું. તે માટે તે ખૂબ ખુશ હતી.
- એક ૫૫ વર્ષની મહિલા તેના કાનનો સોજો, પરુ અને વધી ગયેલા ડાયાબિટીસ સાથે આવી. અમે પરુ કાઢી કાન સાફ કર્યો. એન્ટીબાયોટિકનું ઇન્જેક્શન આપ્યું. ડાયાબિટીસ કંટ્રોલ કરતી દવા બદલી. દસેક દિવસમાં તેને ફેર પડ્યો. તેના પતિએ આભાર માનતાં કહ્યું, "અમે ત્રણ ડોક્ટર પાસે જઈ આવ્યા હતા પણ તમે સારું કર્યું. સરકારી દવાખાનામાં કંઈ ફેર ન પડતાં પ્રાઈવેટ ડોક્ટર પાસે ગયા, જેની જોવાની ફી ૫૦૦ રૂ. હતી અને બીજા ૪૦૦૦ રૂપિયા લઈને આવવા જણાવ્યું, પણ તેવી મારી ક્ષમતા ન હતી. (નિવૃત્ત થયેલા પતિનું પેન્શન એક મહિનાનું ૧૫૦૦ રૂપિયા છે) અને ત્રીજી જગ્યાએ આ જટિલ કેસ લેવાની જ ના પાડી. મારા જે સંબંધીએ તમને બતાવવા જણાવ્યું, તેમનો પણ હું આભારી છું. અમારે માટે ભગવાન પછી તમે છો."

## આરોગ્ય સેવા-કાર્યના લાભાર્થીઓના અભિપ્રાયો

- "પહેલાં ઘણા ડોક્ટર પાસે જવાનું થયું, પણ કંઈ ફેર ન પડ્યો. અહીં આવ્યા પછી હું ચાલી શકું છું. અહીં ડૉક્ટર ખૂબ જ ચોકસાઈથી ચેક અપ કરે છે, દવા આપતાં પહેલાં 'હિસ્ટ્રી' બરાબર જાણે છે. હું આ સંસ્થાનો આભાર માનું છું અને સલામ કરું છું."
- "અહીં ડૉક્ટર ખૂબ ધ્યાનથી દર્દીને સાંભળે છે અને ગરીબ દર્દીને યોગ્ય માન આપે છે. તેમને સારી રીતે તપાસે છે અને સસ્તા ભાવે દવાઓ આપે છે."

## કોશિશ-મિલાપ ટ્રસ્ટ

- એક ૬૮ વર્ષના વયોવૃદ્ધ તેમની પત્નીની સારવારના બાકી નીકળતા પૈસા આપવા આવ્યા. તેમણે જણાવ્યું કે તેમનાં પત્નીએ અવસાન પામતા પહેલાં પૈસા ચૂકવવાનું જણાવ્યું હતું.
- ૭૦ વર્ષનાં ઘરડાં વિધવા બાનો દીકરો એક અકસ્માતમાં ગુજરી ગયો. તેઓ ખૂબ ગરીબ છે. ગુજારો કરવા નજીકના મંદિરે સફાઈ માટે જાય છે. અમે એમની સારવારના પૈસા ન લેવા એવું નક્કી કર્યું. પણ તેઓ આગ્રહ કરે," મારી પાસે આજે પૈસા છે તો મારે આપવા જ જોઈએ! "
- અહીંના એક સ્થાનિક રહેવાસીએ અમારા કામને આવી રીતે બિરદાવ્યું; "અમે માનીએ છીએ કે ભગવાને તમને અહીં મોકલ્યા છે. હવે અમારાં બાળકો આમતેમ રખડવાને બદલે ભણે છે. અને અમારી પાસે ગરીબ લોકો માટે ડૉક્ટર છે."

## આરોગ્ય સેવા-કાર્યના વિસ્તરણનું આયોજન

- સામૂહિક આરોગ્યના કામ માટે વધુ સારી કાર્યનીતિ ( strategies) ઘડી, તે પ્રયોજવી, જેમાં નીચે દર્શાવ્યા મુજબની બાબતો હશે :
  - વ્યક્તિગત સ્વચ્છતા
  - દાંતની કાળજી
  - મચ્છરદાનીના ઉપયોગથી મેલેરિયા અટકાવવો
  - પગરખાંનો નિયમિત ઉપયોગ
  - સ્થાનિક રીતે મળતા સંતુલિત–પોષક આહારનો ઉપયોગ
  - બિનજરૂરી ઇન્જેકશનો અને IV બોટલ ચડાવવાની સારવાર ટાળવી
  - અંધશ્રદ્ધા (ભૂત- ભુવાની માન્યતાઓ) દૂર કરવી
  - નાની ઉંમરમાં લગ્ન અને સગર્ભાવસ્થા ટાળવાં
  - ગુટખા, ધુમ્રપાન અને દારૂની વ્યસનમુક્તિ માટે વધુ અસરકારક કાર્યનીતિ (strategies) તૈયાર કરી તેની સારવાર માટે દર્દીઓને ભારપૂર્વક સમજાવવા. અત્યારે મૌખિક માર્ગદર્શન આપવાથી ખાસ પરિણામ જોવા મળતું નથી.
  - કાગળ પરના હાલના દર્દીઓના મેડિકલ રેકોર્ડને ઈલેક્ટ્રોનિક મેડિકલ રેકોર્ડમાં ફેરવવા.

## આરોગ્ય સેવા-કાર્યના મુખ્ય પ્રશ્નો

- વંચિત વિસ્તારના લોકોમાં સારી અને સાચી (યોગ્ય-જરૂરી) સ્વાસ્થ્ય સુરક્ષા અંગેની સમજદારીનો અભાવ છે. મોટા ભાગના લોકો એલોપથીની ડિગ્રી ન ધરાવતા હોવા છતાં એલોપથીની ટ્રીટમેન્ટ કરતા હોય તેવા ડૉકટરો પાસે જાય છે. આ ડૉકટરો વધારે પડતાં

મુજમહુડા ઝૂંપડપટ્ટી





મુજમહુડા ઝૂંપડપટ્ટીમાં પૂરનું કાયમ રહેતું જોખમ





શિક્ષણકાર્યમાં અપાતું વ્યક્તિગત ધ્યાન અને વર્ગખંડની પ્રવૃત્તિઓમાં ગુંથાયેલાં બાળકો









## શોધો, સમજો અને શીખો









## તહેવારોની ઉજવણી







# ઈતર પ્રવૃત્તિઓ

















## જીવન કૌશલ્ય શિબિર







## રમતો






## શૈક્ષણિક પ્રવાસો અને મુલાકાતો


















## શિક્ષકો માટેની તાલીમ





## વાલીઓ સાથે મીટીંગ અને વ્યક્તિગત માર્ગદર્શન






## અનાજ અને નિર્ધૂમ ચૂલાનું વિતરણ







## સ્વાસ્થ્ય સુરક્ષાનું કાર્ય








## અમારા પ્રકાશનો




## સ્વયંસેવકો


ચંદ્રવદન શાહ


અનીલ ધીવાલા


દિનેશ મોદી


બીરેન નાયક


સનત ચુડાસમા


ભાવના ચુડાસમા


કલ્પના શાહ


હંસા વૈદ

# ટ્રસ્ટીઓ


ડો. કિશોર મિસ્ત્રી
ટ્રસ્ટી, વડોદરા


ડો. વર્ષા શાહ
ટ્રસ્ટી, વડોદરા


કૃષ્ણકુમાર લુહાર
ટ્રસ્ટી, વડોદરા


હરીશ દેસાઈ
ટ્રસ્ટી, કોઠિયા


યોગીની શાહ
ટ્રસ્ટી, સાકવા

## ઓફીસ સ્ટાફ


સુમતિ સાળુંકે


જીગ્નેશ પાન્ગે

## દવાખાનાનો સ્ટાફ


ચંદ્રકાંત સોલંકી


મુલચંદ પરમાર


ડો. જયશ્રી રાવ

## શિક્ષકો


સ્મિતા સપકાલ


કનક દલાલ


અમિષા પરમાર


બીના નાયક


દક્ષા પટેલ


કૌમુદી શેલત


મોહિની જોષી


રીના શાહ


જાગૃતિ જેસુર


નવનીત જેસુર

ઇન્જેકશનો, બોટલ ચડાવવી ( IV fluid ) એન્ટીબાયોટીક્સ, (ક્યારેક તો જરૂરી પણ ન હોય અને નુકસાનકારક હોય) વધારે પડતી દર્દનિવારક દવાઓ, વગેરેથી દર્દીઓને આકર્ષે છે. ઇન્જેકશનથી જલદી સારું થાય અને જલદી રાહતનો અનુભવ કરાવે તે સારા ડોક્ટર એવી માન્યતા હોય છે, સાચું નિદાન થાય તો રોગ મૂળમાંથી મટે એવી સમજનો અભાવ હોય છે.

- દવાઓ ખૂબ જ મોંઘી હોય છે. લગભગ ૩૦૦% નફાથી વેચવામાં આવે છે.
- ગુજરાતમાં ૮ થી ૧૦ ધોરણના ૩૦% છોકરાઓને તમાકુનું વ્યસન (જુદા જુદા પ્રકારે) હોય છે. મુજમહુડા ઝૂંપડપટ્ટીમાં લગભગ ૪૫% જેટલા પુખ્ત વયના પુરુષો અને ૨૨% જેટલી બહેનોમાં તમાકુ અને દારૂનું વ્યસન હોય છે. મહિલાઓને થતા કેન્સરમાં તમાકુને કારણે થતા કેન્સરનું પ્રમાણ ૧૭% અને પુરુષોમાં ૫૧% જેટલું છે. પ્રાથમિક શાળાના સમયથી જ કેટલાંક બાળકોમાં ગુટકાનું વ્યસન શરૂ થઈ જાય છે, એ ચોંકાવનારી અને આઘાતજનક માહિતી છે.
- મુજમહુડાના અમારા કાર્ય વિસ્તારમાં જ ગેરકાયદે દારૂની ચાર દુકાનો છે. દારૂ પીવો તે પુરુષોમાં ખૂબ જ સામાન્ય છે. એની સાથે નોકરી છૂટી જવી, ઘરેલુ હિંસા, નાની ઉંમરે હૃદયરોગનો હુમલો, યકૃત બગડી જવું, આપઘાત કરવો, વગેરે પ્રશ્નો જોડાયેલા છે.
- સ્થાનિક રીતે મળી શકતા પોષક આહાર માટે ખૂબ ઓછી જાગૃતિ છે. તેમાં ફાસ્ટ ફૂડનો ઉપયોગ દિવસે દિવસે વધી રહ્યો છે. ગુજરાતમાં ૫ વર્ષથી નાનાં એવાં ૪૫% બાળકો ઓછું વજન ધરાવે છે અને ૮૦% બાળકો **એનિમિક** છે.
- વિશ્વામિત્રી નદી (પ્રદૂષિત પાણી વાળી) ના કિનારે આવેલા આ વંચિત વિસ્તારના લોકોમાં મેલેરિયા, વાઈરલ શરદી, ચામડીના (ફૂગથી થતા) રોગો, કૂતરું કરડવું, કંઈક વાગવું વગેરે ખૂબ સામાન્ય છે. તે સિવાય મસ્ક્યુલર (સ્નાયુનો) દુઃખાવો (મજૂરીના કામથી થાય છે), ઘરકામ કરતી બહેનોમાં પગમાં ચામડીની તકલીફ જોવા મળે છે. આવા રોગો વાસણ- કપડાં ધોવાં જેવાં પાણીમાં કરવાનાં કામો અને વરસાદની ઋતુમાં વિશેષ ગંદકીમાં ચાલવાને કારણે થાય છે..
- દાંતની સફાઈ માટે જાગૃતિ ન હોવાથી દાંતની તકલીફોનું પ્રમાણ પણ નોંધપાત્ર છે.
- વ્યક્તિગત ચોખ્ખાઈનો અભાવ હોય છે.
- વંચિત વિસ્તારના રહેવાસીઓમાં કેટલીક અંધશ્રદ્ધાઓ ઘર કરી ગઈ હોય છે. જેમ કે, કમળો ઝરાવવાથી મટે છે, દશામાના વ્રતથી બધા પ્રશ્નો દૂર થાય છે, શીતળા સાતમ કરવાથી ઓરી- અછબડા- શીતળા વગેરે થતા નથી. ગળ્યું ખાવાથી કૃમિ થાય છે, તાંબાનું કડું પહેરવાથી બીપી (હાઈપર ટેન્શન)માં રાહત મળે છે, વગેરે.
- વંચિત વિસ્તારના રહેવાસીઓમાં મોટા ભાગના રોજનું રોજ કમાઈ ખાનારા છે. તેમને લાંબી માંદગીને કારણે રોજી પડે તે પરવડતું નથી. માટે તેઓ ઝડપથી સાજા થવા માંગે છે અને ઇન્જેક્શન કે બોટલ ચડાવવાની માંગણી કરે છે.

# ભારતની સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) - માટે માહિતીની આપ-લે માટેનો મંચ

## (Knowledge Sharing Platform for Indian NGOs)

ભારત દેશમાં લગભગ ૩૩ લાખ બિન-નફાકારક સ્વૈચ્છિક સંસ્થાઓ નોંધાયેલી છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓનું કોઈ સામાન્ય પ્લેટફોર્મ નથી. ભારતની બધી જ સ્વૈચ્છિક સંસ્થાઓને સાંકળવા માટે એક અલગ વેબસાઈટ (www.novoi.org) બનાવવામાં આવી છે. આ પ્લેટફોર્મનો હેતુ સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વયંસેવકો, તાલીમાર્થીઓ, દાતાઓ અને ધંધાદારી રીતે સામાજિક કામમાં રસ હોય તેમની મદદ માટેનો છે. આ પ્લેટફોર્મ તેમને પોતાના અનુભવ રજૂ કરવાની તક આપશે, ભૂલોનું પુનરાવર્તન ઘટાડી શકવામાં મદદરૂપ થશે, અને  કેટલાક સામાજિક પ્રશ્નો પર સર્વસંમતિ સાધી તેના માટે ભેગા મળી કામ થઈ શકે તે માટે પણ તે ઉપયોગી થઈ શકશે.

## આ વેબસાઈટની કેટલીક મહત્વની વિશેષતાઓ / લક્ષણો

- **ભારતની NGOs માટે કેન્દ્રવર્તી ડિજિટલ સંસાધન (Central digital resource) ઊભું કરવું :** અમે આ વેબસાઈટ દ્વારા ભારતભરની સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs)ની માહિતી ઓનલાઈન (on line-databsee) સૌને સરળતાથી પ્રાપ્ય હોય તેવી સગવડ પૂરી પાડીશું. તે ઉપરાંત ભારતની અને વિદેશની ફંડિંગ એજન્સીઓ, CSR કંપનીની માહિતી, સરકારી કાયદાઓ / યોજનાઓ, ડિજિટલ લાઈબ્રેરી, સ્વૈચ્છિક સંસ્થાઓ માટે હેન્ડબુક, વગેરે ઉપયોગી બાબતોનો તેમાં  સમાવેશ કરીશું.
- **ઉપયોગી માહિતી/ વિશેષ જાણકારી (expertize)ની આપ-લેનું સંચાલન કરવું :** સ્વૈચ્છિક સંસ્થાઓમાં ઉપલબ્ધ રોજગારી સંબંધી સેમિનાર અને ટ્રેનિંગ વિષેની તથા તેમના ઇ-સામયિક અને બ્લોગ વગેરેની જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે.
- **વિનામૂલ્યે  ઉપયોગ: વીકીપીડીયા** (Wikipedia)ની જેમ સૌને માટે વિનામૂલ્યે માહિતી મેળવવા અને મૂકવા માટેની સગવડ રહેશે. આ એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. તેની સફળતા માટે સૌ NGOs ની ભાગીદારીની (વેબસાઈટના જુદા જુદા વિભાગોમાં) જરૂર છે.

## NOVOI વેબસાઈટની પ્રવૃત્તિનો ટૂંક સાર

| Item | નોંધણીની સંખ્યા (Total entries) 2012-17 | નોંધણીની સંખ્યા (Total entries) 2017-18 | નોંધણીની સંખ્યા (Total entries) 2018-19 | નોંધણીની સંખ્યા (Total entries) 2019-20 |
|---|---|---|---|---|
| NGO database | 4995 | 5522 | 6304 | 6382 |
| Funding agency database | 99 | 99 | 100 | 101 |
| e-Library database | 571 | 616 | 708 | 708 |
| Website visitors | 1554 (63% ભારતમાંથી, 37% પરદેશથી) | 5552 (87% ભારતમાંથી, 13% પરદેશથી) | 8483 (80% ભારતમાંથી, 20% પરદેશથી) | 11856 (80% ભારતમાંથી, 20% પરદેશથી) |

## NOVOI વેબસાઈટ લોન્ચિંગનાં પરિણામો


- અત્યાર સુધી અમે ૬૪૩૭ NGOs, ૧૦૧ ફંડિંગ એજન્સીઓ અને ૭૦૮ ઈ - લાઈબ્રેરી ડેટાબેઝ અપલોડ કર્યા છે. અગાઉના વર્ષની સરખામણીમાં ડેટાબેઝમાં નવી એન્ટ્રી ધીમી છે, કારણ કે અત્યારની વેબસાઈટ હેક થઈ છે અને નવી વેબસાઈટ બનાવવાનું કામ ધીમું છે.
- આ વેબસાઈટની ૧૧૮૫૬ લોકોએ મુલાકાત લીધી અને ૨૭૫ જેટલી સંસ્થાઓએ પોતાની માહિતી મૂકી.

## NOVOI પ્રોજેક્ટનું ભવિષ્યનું આયોજન

- મોબાઈલ ફ્રેન્ડલી વેબસાઈટના ડેવલોપમેન્ટનું કામ પૂરું કરવું.
- NGOs પર અને કેટલાંકને વ્યક્તિગત રીતે ઈ-સામયિક (e-magazine) મોકલવું.
- સોશિયલ મિડિયા દ્વારા આ પ્લેટફોર્મનો પ્રચાર કરવો.
- વડોદરામાં NGOsની મિટિંગ યોજીને NGOs સંબંધી પ્રશ્નોની અને **NOVOI**ના વિકાસની ચર્ચા કરવી.

# અમારા મુલાકાતીઓની નોંધ

- હિમાલયા મશીનરીના મેનેજિંગ ડાયરેક્ટર રશ્મિભાઈ શાહે નોંધ્યું છે : “અમેરિકાથી આવીને ભારતના વંચિત વિસ્તારમાં તમે જે સમર્પણથી કામ કરો છો તે ખૂબ જ આશ્ચર્યજનક અને પ્રશંસાપાત્ર છે.”
- પ્રોફેસર રામક્રિષ્ણને નોંધ્યું છે "આ ખરેખર ગાંધીનું કામ છે."
- અમેરિકાની મેડિકલના ચોથા વર્ષની વિદ્યાર્થિની કવિતા પટેલ એક મહિનાની તાલીમ માટે ભારત આવી હતી. તેણે નોંધ્યું છે : “મને તાલીમ દરમ્યાન શીખવા મળેલી એક ખૂબ જ મહત્વની બાબત તે કલીનિક પર દર્દીને તપાસવાની કુશળતા અને રોગનાં લક્ષણો જોઈને રોગ વિષે સચોટ નિદાન કરવું. પશ્ચિમના દેશોમાં લેબોરેટરીની વિવિધ તપાસને આધારભૂત ગણી નિદાન કરવામાં આવે છે. લેબોરેટરીની તપાસ ઘણી મોંઘી છે. ભવિષ્યમાં આ અનુભવ મને આર્થિક રીતે પરવડી શકે તેવા સસ્તા, અસરકારક ઉપચાર ઉપર ભાર મૂકવા મદદ કરશે.”
- અમેરિકાથી આવેલાં શેનોન હોલમેન અને એરિકા હેરિસે નોંધ્યું છે "અમે બાળકો સાથે કળાની એક કાર્યશાળા (workshop)નું આયોજન કર્યું. કોશિશ-મિલાપની કામ કરવાની જે પદ્ધતિ છે, જે દ્રષ્ટિકોણ છે, તેમાં દયાનો ભાવ નથી, પરંતુ પરસ્પર આદર – સન્માનનો ભાવ છે. તેઓ જે કંઈ કરે છે તે કાળજીથી અને ખૂબ જ ધ્યાનપૂર્વક કરે છે, અને તે રીતે કારણોના મૂળમાં જઈને કામ કરે છે.”
- અમેરિકાનાં જીનલ પટેલ નર્સ છે. તેમણે વર્ષ ૨૦૧૨ માં એક મહિનાની તાલીમ અહીં આવીને લીધી હતી. તેમણે નોંધ્યું છે : "મારા માટે અહીંનો અનુભવ ખૂબ જ સુંદર અને શીખવાની દ્રષ્ટિએ આંખો ઉઘાડનારો રહ્યો.”



# વંચિત વિસ્તારના લોકો સાથેના કાર્યાનુભવનો સારાંશ

શિક્ષણ અને આરોગ્ય, આ બે પાયાની જરૂરિયાતો માટે કામ કરતાં અમને ગરીબી, તેનાં કારણો, પરિણામો અને શક્ય ઉકેલ વિશે જાણવા અને સમજવા મળ્યું.

## મુજમહુડાના વંચિત વિસ્તારમાં કરવામાં આવેલા સર્વેક્ષણનો સારાંશ

વર્ષ ૨૦૧૦-૧૧ માં મુજમહુડાના અમારા કાર્ય વિસ્તારમાં ઘરે ઘરે જઈને ત્યાંનાં સહુ રહેવાસીઓને આવરી લેતો સર્વે કરવામાં આવ્યો હતો. એને સંક્ષેપમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય:

a) કુલ ૫૨૦ કુટુંબો વસે છે, જેમની કુલ વસ્તી ૨૫૧૮ છે. જેમાં ગુજરાતી ૬૦%, હિન્દીભાષી (ઉત્તર પ્રદેશ, બિહાર વગેરે) ૨૦%, મરાઠી ૨૦% અને જૂજ પ્રમાણમાં કેરાલા, ઓરિસ્સા અને નેપાળના લોકોનો સમાવેશ થાય છે. તેઓ તેમની જ્ઞાતિ/ રાજ્ય / ભાષા પ્રમાણે નજીક નજીક ઘરોના જૂથમાં વસે છે.

b) વર્ષ ૨૦૧૦-૧૧માં માથાદીઠ સરેરાશ દૈનિક આવક ૪૬ રૂ. હતી. લગભગ ૯૫% લોકો રોજનું રોજ કમાઈ ખાનાર હતા, જેમને ક્યારેય અઠવાડિક રજા (રવિવાર), તહેવાર કે અન્ય રજા, સ્વાસ્થ્ય વીમો કે નિવૃત્તિના લાભો, જેવું કશું જ હોતું નથી. પુરુષો ડ્રાઈવર (રીક્ષા, ટેમ્પો, કાર વગેરે), પેઈન્ટર (રંગકામ/ધોળવાનું), સુથાર, પ્લમ્બર, કડિયા, ચોકીદાર, લારી, ફેરિયા, સાધુ, જ્યોતિષ, મિકેનિક, કાર સાફ કરનાર, દૂધ અને છાપું વેચનાર કે બાંધકામના મજૂર છે, જ્યારે મહિલાઓ બાંધકામમાં મજૂરી, ઘરકામ (વાસણ સફાઈ, ઘરની સફાઈ, કપડાં ધોવા વગેરે) માટે જવું, શેરીઓમાં ફેરી કરી નાની-મોટી વસ્તુ વેચવા જવું, વગેરે કામો કરે છે.

c) ૧૨ ફૂટ x ૧૨ ફૂટની જગ્યામાં એક અથવા બે રૂમના છાપરાં વાળા ઘરમાં સરેરાશ પાંચ જણ રહેતાં હોય છે. આવાં નાનાં ઘરોમાં બાળકો પોતાના ભણતર પર ધ્યાન આપી શકે તે અઘરું હોય છે, કોઈ પણ પ્રકારના ચેપ (infection) નો ફેલાવો ઝડપથી થાય છે. હવાઉજાસ પણ મોટે ભાગે પૂરતાં નથી હોતાં. પણ આશ્ચર્યની વાત છે કે ટી.વી., પંખો, અને મોબાઈલ ફોન લગભગ દરેક ઘરમાં જોવા મળે છે. આવક વધારે હોય તો રસોઈ માટે ગેસ (૪૫% ઘરોમાં) અને ટુ વ્હીલર (૩૦% ઘરોમાં)મોબાઈલ ફોન ૯૮% કુટુંબોમાં છે, તેની સામે સંડાસની સગવડ ૬૪% કુટુંબોમાં છે.

d) મોટા ભાગનાં પુખ્તવયનાં લોકોએ ભણવાનું અડધેથી છોડી દીધું હોય તેવાં છે. તેઓ લખી, વાંચી શકતાં નથી. પરંતુ તેઓમાં શિક્ષણ માટે એટલી જાગૃતિ છે કે વસ્તીનાં બાળકોમાં ૫૦%

જેટલાં બાળકો ખાનગી શાળાઓમાં જાય છે. ધોરણ ૧ થી ૭ સુધી અભ્યાસ કરતાં બાળકોમાં છોકરા અને છોકરીઓનું પ્રમાણ સરખું જ છે પરંતુ ધોરણ ૭ પછી છોકરાઓ કરતાં અડધી જ છોકરીઓ આગળ ભણે છે. આ બતાવે છે કે આગળના ભણતર માટે છોકરાઓને પ્રાથમિકતા આપવામાં આવે છે.

## ગરીબી સાથે સંકળાયેલી બાબતો

a) **પોષણયુક્ત આહારનો અભાવ** : લગભગ અડધાં કુટુંબો પૈસાના અભાવે દરરોજ શાકભાજી ખરીદી શકતાં નથી, તે જ રીતે મોટા ભાગનાં કુટુંબો દરરોજ દૂધનો ઉપયોગ કરી શકતાં નથી.

b) **માંદગીમાં સારવારનો અભાવ** : મોટા ભાગના લોકો બીમારીમાં ખર્ચાળ સારવાર લઇ શકતા નથી. તેના એક–બે દાખલા જોઈએ.

- ૬૦ વર્ષનાં એક દર્દી કે જેમને હાર્ટ એટેક આવી ચૂક્યો હતો, તેમને એન્જિયોગ્રાફી/ એન્જિયોપ્લાસ્ટી કરાવવાની સલાહ મળી હતી. આવી સારવાર સરકારી દવાખાનામાં મળતી નથી. પ્રાઈવેટ હોસ્પિટલમાં આનો ખર્ચ ૧ લાખથી વધારે થાય, દર્દી તેને આર્થિક રીતે પહોંચી વળે તેમ ન હતું, અને તે અચાનક તીવ્ર હૃદયરોગના હુમલામાં મૃત્યુ પામ્યાં.
- પાંત્રીસ વર્ષની એક મહિલા કે જે મકાન બાંધકામમાં મજૂરી કરે છે, તે કમરના દુઃખાવાની ફરિયાદ સાથે આવી. હંમેશાં ભારે વજન ઊંચકવાને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ હતી. તેને આરામ કરવા અને વધારે સલામત પદ્ધતિથી વજન ઊંચકવા સલાહ આપી. એણે જવાબ આપ્યો,"મારી જિંદગીમાં આરામ કેવો? હું કામ નહિ કરું તો સાંજે અમે ખાઈશું શું?" તેનો પતિ દારૂની લતને કારણે ટી.બી.ની બીમારીમાં ત્રણ વર્ષ પહેલાં ગુજરી ગયો હતો. તેને બે નાની દીકરીઓ હતી, અને વૃદ્ધ સાસુની પણ સંભાળ રાખતી હતી.

c) **નબળા આવાસ** : મોટા ભાગનાં કુટુંબો ૧૨ ફૂટ X ૧૨ ફૂટની જગ્યામાં રહે છે. ત્યાં સ્વચ્છ પીવાના પાણીની, ગંદા પાણી અને કચરાના નિકાલની, હવા-ઉજાસ વગેરે જેવી ઘણી સગવડોનો અભાવ હોય છે. તેઓમાંના મોટાભાગના લાકડાં કે કોલસા અથવા કેરોસીનનો ઉપયોગ રસોઈ માટે કરે છે. આગ લાગવી, ઇલેક્ટ્રિક કરંટ લાગવો. આકસ્મિક ઝેર ચડવું (દા.ત. બાળક કેરોસીન પી જાય) વગેરે ઘટના પ્રમાણમાં વધારે વાર બને છે. ચોમાસામાં ગળતું છાપરું અને પૂરનું પાણી ઘરમાં આવી જવું એ સામાન્ય બાબત છે. ઘરો ખૂબ જ નજીક નજીક છે, એટલે ગીચ વસવાટમાં રોગોના ચેપનો ફેલાવો ખૂબ જ ઝડપથી થાય છે. વાઈરલ તાવ, ટી.બી., મેલેરિયા, ખસ-ખૂજલી વગેરે આ રીતે ઝડપથી ફેલાય છે. આ બધી તકલીફો બાળકોના ભણતર પર પણ અસર કરે છે.

d) **નાની ઉંમરમાં ઘર સંભાળવાની જવાબદારી** : મોટા ભાગનાં કુટુંબોમાં માતા-પિતા બંને કામ માટે બહાર જાય છે. આવા સંજોગોમાં દીકરીને ખૂબ જ નાની ઉંમરમાં ઘરનાં કામોની જવાબદારી ઉઠાવવી પડે છે. રસોઈ કરવી, નાનાં ભાઈ-બહેનોને સંભાળવાં, અને અન્ય ઘરનાં નાનાં-મોટાં કામ સિવાય માતા જ્યાં કામ કરતી હોય ત્યાં મદદ માટે પણ જવું પડે છે. દા. ત. એક અગિયાર વર્ષની છોકરીને માતાપિતાએ બળજબરીથી ત્રીજા ધોરણથી ભણવાનું છોડાવી દીધું કે જેથી તે તેના બે નાના ભાઈઓને શાળાએ લેવા મૂકવા જવું, રસોઈ, સફાઈ જેવાં ઘરનાં કામ કરી શકે.

e) **દેવું** : લગભગ ૬૦% કુટુંબોને કોઈ ને કોઈ પ્રકારનું દેવું હોય છે. વ્યાજનો વાર્ષિક દર ૨૦-૩૦% જેટલો અને ક્યારેક એનાથી પણ ઊંચો હોય છે. અને આમ દેવાનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.

f) **નબળો બાળઉછેર / બાળઉછેરમાં મર્યાદા** : માતા–પિતા બંને કમાવા માટે ઘરની બહાર જતાં હોવાથી બાળકોની યોગ્ય સાર-સંભાળ લઈ શકાતી નથી. એક દાખલો: પચ્ચીસ વર્ષની ગામડાની એક પ્રવાસી મજૂર મહિલા, જે  શહેરમાં મકાન બાંધકામમાં મજૂરી કરે છે, તે આવી અને તેના સ્તનનું દૂધ બંધ કરવાની દવા માટે તેણે વિનંતી કરી, કારણ કે તેના ૧ વર્ષના બાળકને તેની દાદી પાસે ગામડે મોકલી દેવામાં આવ્યું છે, જેથી તે મજૂરીકામ માટે જઈ શકે !

## વંચિત વિસ્તારના લોકોના જીવનમાં પોતાને નુકસાનકર્તા દૂષણો

અમને અમારા કાર્યવિસ્તારમાં લોકોના જીવનમાં કેટલાંક દૂષણો (બદીઓ) જોવા મળ્યાં, જે તેમને નુકસાનકર્તા છે અને જેને કારણે ગરીબીના વિષચક્રમાંથી તેઓ બહાર આવી શકતા નથી. અજ્ઞાનતા, નિરક્ષરતા, ઘરમાં અને સમાજમાં જે વાતાવરણ ચાલે છે, જીવનનું જે મોડલ જોવા મળે છે તેને કારણે જીવન માટે લાંબી દ્રષ્ટિનો અભાવ, વ્યસનો તરફ પ્રેરાવું, (તેનું એક કારણ શારીરિક અને માનસિક તણાવ) વગેરે કારણો તેને માટે જવાબદાર છે.

a) **સ્વયંશિસ્તનો અભાવ** : વિદ્યાર્થીઓ વર્ગમાં આવવામાં અનિયમિત હોય છે અને લાંબા સમય માટે ભણવામાં કે કામ કરવામાં ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતા.

b) **અધવચ્ચેથી ભણતર છોડવાનું પ્રમાણ વધારે છે** :  બાળકો આઠમા ધોરણમાં પહોંચે ત્યાં સુધીમાં લગભગ અડધાં બાળકોનો અભ્યાસ છૂટી જાય છે. આમાં છોકરીઓનું પ્રમાણ વધારે હોય છે.

c) **સામાજિક પ્રસંગોના ખર્ચાનું પ્રમાણ વધુ** : સામાજિક રીત-રિવાજ, પ્રસંગો વગેરેમાં આવકના પ્રમાણમાં ખૂબ જ વધારે ખર્ચ કરવો તે સામાન્ય બાબત છે. લગ્ન, બાબરી, મૃત્યુ, જેવા પ્રસંગો અને કેટલાક તહેવારોમાં થતો બેહદ ખર્ચ તેમની બધી બચત પૂરી કરે છે, ઉપરાંત દેવું થાય છે, આ વિષચક્રમાંથી છૂટવું મુશ્કેલ હોય છે. તેના એક બે દાખલા જોઈએ.

- ૩૫ વર્ષની એક મહિલા દર્દીએ જણાવ્યું કે તે જૂનાં કપડાં વેચવાનો ધંધો કરે છે. તેમાં તે દર

મહિને લગભગ ૩૦૦૦ રૂપિયા કમાય છે. તેની દીકરીનાં લગ્નમાં તે ૨૫૦ માણસોને જમાડશે, અને એક લાખ રૂપિયા ખર્ચ થશે. આ ખર્ચ એની લગભગ ૩ વર્ષની કમાણી જેટલો થાય. એણે કહ્યું કે પોતાની જ્ઞાતિમાં લગ્ન કરવાં હોય તો આ રીત-રિવાજ પાળવાં જ પડે. એ એવું પણ અનુભવતી હતી કે તેમણે ઘણાં લગ્નમાં હાજરી આપી છે, હવે સૌને બોલાવવાનો તેમનો વારો છે.

- માળી જ્ઞાતિના એક કુટુંબને ત્યાં યોજાયેલા બાબરીના પ્રસંગમાં (પહેલી વખત છોકરાના વાળ ઊતરાવવા) તેમણે એક લાખ રૂપિયાનો ખર્ચ કર્યો.

d) **નબળો બાળઉછેર** : બાળકોને વ્યવસ્થિત ભોજન, નાસ્તો વગેરે મળે તે માટે વાલીઓ ગંભીર હોતાં નથી. જંક ફૂડનો ઉપયોગ વધી રહ્યો છે, દા ત. ૮૨% કુટુંબોમાં નાસ્તા માટે બિસ્કીટનો ઉપયોગ થાય છે. બાળકો કેટલો સમય ટી.વી. જુએ છે, ગૃહકાર્ય કરે છે કે નહીં, શાળાએ જવામાં, ઊંઘવામાં, જમવામાં, વગેરેમાં નિયમિત છે કે નહિ, વગેરે બાબતો માટે મા-બાપનું ધ્યાન હોતું નથી. બાળકોને મારવાં, ધમકાવવાં, વગેરે ખૂબ જ સામાન્ય છે.

e) **બાળકોને ખીસા ખર્ચ માટે પૈસા આપવા** : લગભગ ૪૦% બાળકો નિયમિત રીતે ખીસા ખર્ચના ૫ થી ૧૦ રૂપિયા ચોકલેટ, બિસ્કીટ, બરફ, કેન્ડી, પાણીપૂરી, જેવા જંકફૂડ માટે વાપરે છે. જેને કારણે બાળકનું વજન ઓછું રહે છે, શારીરિક વિકાસ બરોબર નથી થતો, શરીરને ઘણી રીતે નુકસાન થાય છે અને ખર્ચનું ભારણ વધે છે.

f) **કામમાં અનિયમિતતા** : રોજનું રોજ કમાઈને ખાનારા સરેરાશ ૬૨% દિવસો કામ મેળવી શકે છે. બાકીના દિવસોમાં કામ ન મળવાનાં ઘણાં કારણો છે. જેમ કે - તેમને હંમેશાં કામ મળતું નથી, કામ કરવા જવાનો ઓછો ઉત્સાહ, લાંબા ગાળાના આયોજનની દૃષ્ટિનો અભાવ, કામની જગ્યાએથી અસંતોષ, હતાશા, દારૂનું વ્યસન, બીમારી, સામાજિક પ્રસંગો વગેરે.

g) **વ્યસનનું ઊંચું પ્રમાણ** : એકંદર ૪૫% પુખ્ત પુરુષો અને ૨૨% પુખ્ત મહિલાઓ કોઈક ને કોઈક રીતનું વ્યસન ધરાવે છે. ગુટખા (તમાકુ ચાવવું)દારૂ, અથવા ધુમ્રપાન, જેવાં વ્યસનોની નાની ઉંમરમાં જ મિત્રો સાથે ટેવ પડી જાય છે. ગુટખા તેમની ભૂખ મારે છે, જેથી તેઓ જમવાનું મોડું કરીને પણ કામ કરી શકે છે, અને પછી તે વ્યસન બનતું જાય છે.

દારૂનું વ્યસન એ ખૂબ જ જટિલ પ્રશ્ન છે. એ સામાન્ય રીતે નાની ઉંમરમાં શરૂ થઈ જાય છે. એક સ્થાનિક સ્વાસ્થ્યકર્મીએ કહ્યું કે, આપણે સાથે જઈને ગેરકાયદે ચાલતી દુકાનને તોડીને તેનો નાશ કરી દઈએ, તો પણ તે પાછી શરૂ થઈ જશે. નશાકારક દારૂ જીવનના પ્રશ્નોમાંથી કામચલાઉ પલાયનવાદ છે. દારૂના વ્યસનમાં ગરીબો આર્થિક રીતે કંગાળ થઈ જાય છે, સારું (વધુ પૈસા મળે તેવું) કામ નિયમિત નથી મળતું; કામ નિયમિત થઈ નથી શકતું, છેવટે નોકરી (જો હોય તો) છોડવાનો વારો આવે છે. ગેરકાયદેસર મળતા દારૂથી તેમના આરોગ્યને ભયંકર નુકસાન પહોંચે છે.

મોટાભાગના નશા માટે દારૂ પીએ છે. ભોજન સાથે આનંદ માટે મર્યાદિત પ્રમાણમાં લેવામાં આવે એવું બનતું નથી. ઘરેલુ હિંસા માટે પણ મદ્યપાન ઘણે અંશે જવાબદાર હોય છે. લગભગ ત્રીજા ભાગનાં કુટુંબોમાં પુરુષના દારૂ પીવાને કારણે પત્ની અને બાળકો સાથે ઝઘડા અને મારઝૂડની ઘટનાઓ થતી રહે છે. આને લીધે કૌટુંબિક જીવન છિન્ન-ભિન્ન થઈ જાય છે. બાળકોના અભ્યાસ પર તો આની ખરાબ અસર થાય જ છે, પરંતુ સાથે ભવિષ્ય માટે આ જ જીવનશૈલી અનુસરવાનું ઘરમાંથી જ શીખે છે.

## દારૂના વ્યસનની બાબતમાં નિરાશા ઉપજાવતા કેટલાક પ્રસંગો

- ૪૫ વર્ષના દારૂના એક વ્યસનીએ આપઘાત કર્યો. લગભગ ૪ વર્ષ પહેલાં તેની પત્નીએ પોતાનાં બે બાળકો સાથે જુદા રહેવાનું શરૂ કર્યું. અલગ થતા પહેલાં તેણે પતિને દારૂ છોડાવવા શક્ય એટલા બધા જ પ્રયત્નો કર્યા. ધાર્મિક માન્યતાઓ, અમારા દવાખાનામાં માર્ગદર્શન, ખોપરીમાં ઇન્જેકશનો અપાવ્યાં, છતાં કોઈ જ ફેર પડ્યો નહીં. તેઓ અલગ થયા પછી પણ દારૂ પીવાનું ચાલુ જ રહ્યું.
- ૬૫ વર્ષના એક વૃદ્ધ દર્દી, કે જેમને દારૂ અને ધુમ્રપાનનું વ્યસન હતું, હાઈબ્લડપ્રેશર અને હાંફ ચડવાની બીમારી હતી. એમને દવાઓની મદદથી તકલીફમાં રાહત થઈ. તેમના ઇસીજી (ECG) માં હૃદયરોગનાં લક્ષણો જોવા મળ્યાં. એમને અમે અગાઉ ધુમ્રપાન અને દારૂ છોડવાની સલાહ આપી હતી, પણ તેઓ છોડી શક્યા નહીં. હૃદયરોગની જાણ થયા પછી દર્દીએ ધુમ્રપાન અને દારૂ છોડવાની તૈયારી બતાવી. ફરી જ્યારે તેઓ દવાખાને આવ્યા ત્યારે ખૂબ જ લાગણીશીલ થઈ તેમણે કહ્યું કે, તેમને દારૂ અને ધુમ્રપાન છોડવાની સલાહ મળી છે, તે જાણી તેમનાં પત્નીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં. છતાં પાછળથી તે દર્દીએ ફરી દારૂ પીવાનું ચાલુ કરી દીધું. કાર્ડિયોલોજીસ્ટ પાસે ગયા નહીં અને ૨ વર્ષમાં હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા.
- એક મહિલાએ તેના પતિ માટે દારૂ છોડવાની દવા માટે ખૂબ જ આજીજી કરી. પતિની દવા લેવાની તૈયારી ન હોવા છતાં પત્ની દવાને ચા સાથે મેળવીને તેમને આપવામાં સફળ રહી. દવાને કારણે પતિને ઊલટી (Vomiting) થતી. પત્નીએ સલાહ આપી કે દારૂ તેમના શરીરને માફક નથી આવતો માટે છોડી દેવો જોઈએ. થોડા દિવસ માટે દારૂ બંધ થયો, પણ થોડા સમયમાં ફરી દારૂ પીવાનું શરૂ થઈ ગયું.
- એક કુટુંબમાં દારૂ છોડાવવા જુદા જુદા પ્રકારની સારવારમાં લગભગ ૧ લાખ રૂપિયા ખર્ચાયા, જેમ કે, છાપાઓમાં આવતી જાહેરાતોને આધારે દવા કરાવવી, જુદાં જુદાં યાત્રાધામે જઈ બાધા લેવી કે 'માનતા માનવી' વગેરે. તે જ રીતે બીજા એક પરિવારે દારૂ છોડાવવા ગધેડાના પેશાબનો ઉપચાર કર્યો, જેમાં એક બોટલના ૧૦૦૦ રૂપિયા થતા હતા. આ બંને કિસ્સાઓમાં

તેઓ દારૂ છોડાવવામાં સફળ ન થઈ શક્યા.

h) **કુટુંબ નિયોજનનો અભાવ** : વંચિત વિસ્તારના રહેવાસીઓમાં દરેક કુટુંબમાં સરેરાશ ત્રણ બાળકો હોય છે. કેટલાંકને ત્યાં દીકરાના જન્મની આકાંક્ષામાં ત્રણથી વધુ બાળકો પણ હોય છે.

i) **અંધશ્રદ્ધાઓ** : કેટલીક સામાન્ય માન્યતાઓ, જેને કારણે બીમારીમાં ડોક્ટર પાસે જવામાં મોડું કરવામાં આવે છે

- કમળો ઝરાવવો- ભૂવા પાસે જઈને હથેળીમાં કંઈક 'ચમત્કારિક પદાર્થ' ઘસાવવો - ઘણી વખત લોહી ઓછું હોવાની તકલીફ (anemia) ને કમળો ગણી લેવો.
- પેટમાં કૃમિની તકલીફ થવી, એ વંચિત વિસ્તારોનાં બાળકોમાં ખૂબ સામાન્ય બાબત છે (જે ચોખ્ખાઈના અભાવનું પરિણામ છે). વાલીઓ તેને ગળ્યું ખાવાનું પરિણામ ગણે છે.
- પેટમાં ચૂંક સાથે ઝાડા થવાને (Amoebic dysentery) "અંભોઈ ખસી જવી' તરીકે વર્ણવીને તે મટાડવા પેટ ચોળાવવામાં આવે છે.
- ઘણા દર્દીઓ હાઈબ્લડપ્રેશરમાં રાહત મેળવવા કોણીની ઉપરના ભાગમાં તાંબાનું કડું પહેરે છે.
- એક આઠ મહિનાના બાળકને ખેંચ આવી રહી હતી, તેને તેનાં ચિંતાતુર જણાતાં માતા-પિતા દવાખાનામાં લઈને આવ્યા. થોડી મિનિટમાં બાળકને સારું થઈ ગયું. તેને તાવ કે ઝાડા–ઊલટી વગેરે કશું થયું ન હતું. બાળક માટે પૂછપરછ કરતાં ક્યારેય આવું પહેલાં બન્યું ન હતું, તેવો જવાબ મળ્યો. વધારે પૂછ્યું તો માતાએ જણાવ્યું કે અગાઉ આવું બન્યું હતું, અને તેને માટે તેઓએ સારું કરવા બાધા રાખી હતી.
- વ્યવસાયે રંગકામ કરતા એક ચાલીસ વર્ષના ભાઈ પેઢામાં દુઃખાવાની ફરિયાદ સાથે આવ્યા, ધાર્યા પ્રમાણે સોનોગ્રાફીના રિપોર્ટમાં કિડનીમાં પથરી હોવાનું જણાવ્યું હતું. એમને દર્દમાં રાહત માટે દવા સાથે વધારે પાણી પીવાની સલાહ આપી. એ સ્થાનિક ભૂવા પાસે ગયા. એમણે પથરીની બાજુ – તરફ એક પ્લેટ ધક્કા સાથે મૂકી. દર્દને કારણે દર્દી હલી ઊઠ્યો અને પેલા કહેવાતા ડૉકટરે એક કાંકરો બતાવીને કહ્યું કે આ કિડનીમાંથી નીકળેલો છે.
- દશામા વ્રત વંચિત વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિય છે. આર્થિક, સામાજિક, આરોગ્યને લગતી બધી જ મુશ્કેલીઓ તેનાથી દૂર થાય છે, એવું માનવામાં આવે છે. જે ઘરમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે, તે ઘરની મહિલા દરરોજ સ્નાન, મૂર્તિ પૂજા, વગેરે કરીને દશામા દેવીની વાર્તા વાંચે છે, સાંભળે છે. ઊંટ ઉપર સવારી કરેલ દશામાની માટીની મૂર્તિ સામે ૧૦ દિવસ સુધી ઘીનો દીવો કરવામાં આવે છે. ૧૦ દિવસ પછી માટીની મૂર્તિને નજીકની નદીમાં ડુબાડવામાં આવે છે. સતત પાંચ વર્ષ સુધી એક ઘરમાં આ રીતે સ્થાપના કરવામાં આવે છે. છેલ્લે વર્ષે ચાંદીની મૂર્તિનું બ્રાહ્મણને દાન કરવામાં આવે છે.
- અમે દવાખાના માટે કાર્યવિસ્તારમાં એક ભાડાનું મકાન શોધી રહ્યાં હતાં. અમને એક એવું

મકાન મળ્યું કે જ્યાં ટૂંકા સમયગાળામાં એક જ કુટુંબના માતા, પિતા અને દાદીનું મૃત્યુ થવાથી બે બાળકો અનાથ થયાં હતાં. અહીંના રહેવાસીઓએ અમને આ ઘર ભાડે ન રાખવા સલાહ આપી, તેઓને ઘરમાં ભૂત-ડાકણનો પ્રકોપ હોવાની શંકા હતી. અમારે દાખલો બેસાડવો હતો એટલે એ જ ઘર પસંદ કર્યું. દવાખાનું શરૂ થયું ત્યારે એક યુવાન દર્દી દવાખાને આવ્યો ત્યારે ચારે બાજુ શંકાથી જોવા લાગ્યો. અમે જ્યારે એને વિનંતી કરી ત્યારે એણે જણાવ્યું કે અહીં ભૂત રહે છે. શરૂઆતમાં થોડા ઓછા દર્દી આવ્યા, પણ પાછળથી અમે પહોંચી વળીએ તેના કરતાં પણ વધુ દર્દી આવવા માંડ્યા.

- ચાર વર્ષના એક બાળકને દવાખાનામાં લાવવામાં આવ્યો. તેને ડાબા કાનમાં લોહી ગંઠાયેલું હતું. અને સોજો હતો. બાળકને જાંઘમાં સારણ-ગાંઠ હતી તેને મટાડવા માટે બાળકને ભૂવા પાસે લઈ જતાં તેણે કાન વિંધીને કોઈ ધાર્મિક વિધિ કરી હતી, એવું જાણવા મળ્યું.
- માસિક સ્રાવ દરમિયાન બહેનોથી ૩ થી ૫ દિવસ દરમિયાન ઘરમાં અડકી શકાતું નથી અને તેઓ ઘરમાં રસોઈ, પાણી ભરવું કે પૂજા જેવાં કાર્યો કરતી નથી. મોટાં બાળકોને ખાવા માટે ૫ થી ૧૦ રૂપિયા આપી દેવામાં આવે છે, અને લારી –દુકાનમાં જે મળે તે લઈને બાળકો ભૂખ મટાડવા પ્રયત્ન કરે છે. છોકરી ૭-૮ વર્ષની થાય ત્યારથી તેને આખા ઘરની રસોઈની જવાબદારી નિભાવવી પડે છે. આવા સમયે ઘરમાં કોઈ સારો પ્રસંગ / તહેવાર આવતો હોય ત્યારે બહેનો માસિકસ્રાવનો સમય વહેલો / મોડો કરવા માટે દવા લે તે ખૂબ જ સામાન્ય બાબત છે. ૩૦ વર્ષની આસપાસની ઉંમરમાં ઘણી બહેનો આ પ્રશ્નને નિવારવા ગર્ભાશય કઢાવવાનું મોટું ઓપરેશન કરાવે છે!

j) **નાની ઉંમરે લગ્ન અને માતૃત્વ :** નાની ઉંમરમાં લગ્ન એ ખૂબ સામાન્ય છે. કાયદાની રીતે બહેનો માટેની માન્ય ઉંમર ૧૮ વર્ષ કરતાં પણ નાની ઉંમરે તેમનાં લગ્ન થતાં હોય છે. સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિબળો ઉપરાંત પૂર્વગ્રહયુક્ત જાતીય ભેદભાવ જેવાં કારણો આની પાછળ મોટો ભાગ ભજવે છે. મોટા ભાગની છોકરીઓને ૮ મા ધોરણથી આગળ ભણાવવામાં આવતી નથી. નાની ઉંમરે લગ્ન નાની ઉંમરે માતૃત્વમાં પરિણમે છે, જે માતા અને શિશુના મૃત્યુ (બાળમૃત્યુ)દરમાં વધારો કરે છે.

## અમારા અનુભવોનો વિશ્લેષણાત્મક સારાંશ

વંચિત વિસ્તારમાં રહેતા ગરીબ લોકો આત્મનિર્ભર બને એવું આપણે જ્યારે ઇચ્છીએ છીએ ત્યારે કેટલાક પ્રશ્નો ઉદભવે છે : તેઓ શા માટે ગરીબ છે? તેઓ શા માટે ગરીબ રહે છે? એમને માર્ગદર્શન આપવા છતાં તેઓ પોતાને નુકસાનકર્તા બાબતો (વ્યસન, અંધશ્રદ્ધા, કુરિવાજો વગેરે) છોડી કેમ નથી શકતા? વગેરે. અમારા કામના અનુભવ અને આવા પ્રશ્નો વિશે પ્રકાશિત થયેલા કેટલાક સાહિત્યના અભ્યાસને આધારે કરેલું વિશ્લેષણ ટૂંકમાં નીચે મુજબ છે.

- ગામડાઓમાંથી શહેરમાં સ્થળાંતર પામેલા મોટાભાગના લોકો વંચિત વિસ્તારમાં આવીને વસે છે. લગભગ  ૪૦% ખેડૂતો પોતાની ખેતી છોડીને શહેરમાં વસવા તૈયાર હોય છે. એનું મુખ્ય કારણ ખેતી સાથે ગરીબી જોડાયેલી છે. ભારતની અડધી વસ્તી ખેતી ઉપર આધારિત છે, પરંતુ તેમનો GDP સમસ્ત GDPના ૧૫% જેટલો નીચો છે. આમ, ગામડામાં રહેતા લોકોની માથાદીઠ આવક શહેરમાં વસતા લોકોની માથાદીઠ આવક કરતાં ૫ મા ભાગની છે. શહેરમાં સ્થળાંતર માટેનાં બીજાં કેટલાંક કારણોમાં અપૂરતી પાયાની જરૂરિયાતો જેવી કે શિક્ષણ, આરોગ્ય, બેંક, વાહનવ્યવહાર, ઈલેક્ટ્રીસીટી, પીવાનું શુદ્ધ પાણી, રસોઈ માટે બળતણ, ખેતી માટે સિંચાઈ વગેરે પણ છે. શહેર કરતાં ગામડામાં મૃત્યુદર ૫૦% જેટલો ઊંચો છે.

- મોટા ભાગના સ્થળાંતર પામેલા લોકો ઓછું ભણેલા હોય છે. તેઓ કોઈક ને કોઈક પ્રકારનાં મજૂરીકામ સાથે જોડાય છે, એમને રવિવાર કે માંદગીની રજા કે અન્ય કોઈ રજા હોતી નથી. આરોગ્ય વીમો કે નિવૃત્તિનો  લાભ જેવો કોઈ આર્થિક ટેકો હોતો નથી.

- કોઈ પણ પ્રકારની તકનો અભાવ એ ગરીબી અને મોટા પ્રમાણમાં આર્થિક વિષમતા સાથે જોડાયેલી બાબત છે. દા.ત. ફક્ત ૨% ગરીબ વિદ્યાર્થીઓ કોલેજનું શિક્ષણ મેળવે છે. જ્યારે સ્થિતિપાત્ર લોકોમાં તેનું પ્રમાણ ૨૭% છે. ચાન્સેલ અને પિકેટી ( Chancel & Piketty) દ્વારા થયેલા તાજેતરના અભ્યાસ પ્રમાણે ભારતમાં ૧૯૮૦માં સૌથી ઉપલો ૧% વર્ગ ૬% આવક ધરાવતો હતો, જે હવે કુલ આવકના ૨૨% ધરાવે છે. ઓકસફાર્મ રિપોર્ટ મુજબ ૫૭ અબજોપતિ (billionaires) તળિયેના ૭૦% લોકો જેટલી કુલ સંપત્તિ ધરાવે છે. અને બીજી રીતે કહીએ તો ભારતના સૌથી પૈસાદાર ૧% લોકો પાસે કુલ સંપત્તિના ૫૮% સંપત્તિ રહેલી છે. આમ, અબજોપતિની સરેરાશ સંપત્તિ ૭૦% તળિયેની વસ્તીની સરેરાશ આવક કરતાં સો લાખ ગણી છે! બીજા એક રિપોર્ટ પ્રમાણે CEO અને કંપનીના માલિક, સામાન્ય મજૂર કરતાં ૧૦૦૦ થી ૨૫૦૦૦ ગણું વધારે કમાય છે.

- ગરીબી શારીરિક અને માનસિક વિકાસ પર કાયમી મર્યાદા લાવી શકે છે. લગભગ ૪૩% ભારતીય બાળકો કુપોષણનાં શિકાર છે, તેમનું વજન ઓછું હોય છે. બાળકોની ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈની સાથે નબળી નિર્ણય-શક્તિ તેમ જ નબળી સમજશક્તિ પણ કુપોષણ સાથે સંકળાયેલાં છે. આમ આવાં બાળકો અભ્યાસમાં પણ પાછાં પડે છે. ગરીબીની સાથે નાની ઉંમરમાં જ્યારે મગજનો વિકાસ થતો હોય છે ત્યારે શારીરિક (વધુ પડતો શ્રમ) અને માનસિક તાણ જોડાયેલાં હોય છે, જે એકાગ્રતાનો અભાવ ઉપરાંત વ્યસન માટે પણ કારણભૂત બને છે. સંશોધનોને આધારે જાણવા મળ્યું છે કે લગભગ ૮૫% મગજનો વિકાસ ત્રણ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. ચાર વર્ષની ઉંમર સુધીમાં સમાજમાં રહેવા માટેની જરૂરી આવડતો

મેળવવાની ઝડપ, ભાષા શીખવી, લાગણી પર કાબૂ મેળવવો તથા મગજનો સંપૂર્ણ વિકાસ થઈ જતો હોય છે. એટલે કે બાલમંદિર જતા પહેલાં નબળો બાળઉછેર, નબળું પોષણ અને મર્યાદિત તકો મગજના વિકાસને કાયમી ક્ષતિ પહોંચાડે છે. એવું માનવામાં આવે છે કે મગજનો ૮૦% વિકાસ સામાજિક પરિબળો પર આધાર રાખે છે, જ્યારે ૨૦% વારસાગત હોય છે. નાની ઉંમરમાં મગજનું જે બંધારણ ઘડાય છે, તે ફરીથી બદલવું ઘણું અઘરું હોય છે.

- પોતાને નુકસાનકર્તા વર્તન (self distructive behaviour) માટે વ્યક્તિ પોતે પણ જવાબદાર હોય છે.

અમારા અનુભવો પરથી અમે માનીએ છીએ કે ઘણી તકલીફો કેટલેક અંશે ચોક્કસ દૂર થઈ શકે તેમ છે. કેટલીક સામાન્ય સમજણ કેળવી તે પ્રમાણે ફેરફાર કરવાની જરૂર છે જેમ કે :

a) કુટુંબ નિયોજન અપનાવી એક કે બે બાળકોને સારી રીતે ઉછેરવાં.

b) લગ્ન, મરણ, બાબરી, ઉત્સવો, વગેરેમાં વધારે પડતા ખર્ચાના વિષચક્રમાં ન ફસાવું.

c) નાની ઉંમરમાં લગ્ન અને માતૃત્વ ટાળવાં.

d) લારી-દુકાનો પરનો ખોરાક ટાળવો, ઘરનો રાંધેલો ખોરાક ખાવો.

e) દારૂ, તમાકુ અને બીજાં વ્યસનોથી દૂર રહેવું.

f) ઊંઘવામાં, ભોજનમાં, કામમાં અને બાળકોને શાળાએ મોકલવામાં નિયમિત રહેવું.

g) બાળક જ્યારે અભ્યાસ કરે ત્યારે ટી.વી. અને મોબાઈલ ફોન ચાલુ રાખી તેમને વિક્ષેપ ન પાડવો.

h) દરેક બાળક (છોકરો/છોકરી) ૧૦મા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કરે તે આગ્રહ રાખવો.

i) લાંબા ગાળાનું વિચારી આયોજનપૂર્વક જીવવું, પ્રાથમિકતા આપતા શીખવું. દા.ત. પહેલાં સંડાસ બનાવવું કે પહેલાં ટી.વી. લાવવું વગેરે.

સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) દ્વારા રાહત દરે અપાતી સેવા સામાજિક જરૂરિયાતના પ્રમાણમાં ઘણી મર્યાદિત છે, દા.ત. કોશિશ-મિલાપ ટ્રસ્ટ વડોદરાના વંચિતોના ફક્ત ૧% થી પણ ઓછા લોકોને શૈક્ષણિક અને આરોગ્યની સેવા પહોંચાડી શકે છે.

આમ, વંચિત લોકોને આત્મનિર્ભર બનવા રાહત દરે કેટલીક સેવા પૂરી પાડવી કે મૌખિક માર્ગદર્શન આપવું (councelling), એટલું પૂરતું નથી, પરંતુ સાથે સાથે સામાજિક, રાજકીય અને આર્થિક માળખાઓમાં સુધારા કરવા પ્રયત્નો કરવાની જરૂર છે.

# આર્થિક આયોજન

અમારી કાર્યનીતિ નીચે મુજબની રાખીને અમે બને એટલો કરકસરયુક્ત આર્થિક વ્યવહાર ગોઠવવા પ્રયત્ન કરીએ છીએ:

- ડૉ. વર્ષા અને ડૉ. કિશોર, કોઈ પણ પ્રકારના આર્થિક વળતર વગર પૂરા સમયનું (full time) કામ કરે છે. બીજા ટ્રસ્ટીઓ પણ કોઈ પણ પ્રકારના આર્થિક વળતર વગર કામ કરે છે.
- નિમણૂંક થયેલા કર્મચારીઓ (આર્થિક વળતર સાથે): કુલ ૧૮ કાર્યકર્તાઓ છે, જેમાં ૧૦ આંશિક સમયના (part time) શિક્ષકો, એક આંશિક સમયના ડોક્ટર, બે આંશિક સમયના આરોગ્ય મદદનીશ, એક પૂરા સમયના કાર્યાલય સંચાલક, બે પૂરા સમયના (full time) નેટવર્ક કોર્ડીનેટર, અને ઑફિસ તેમ જ ક્લાસરૂમની સફાઈ માટે બે કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- ૧૫% જેટલો ઓછો વહીવટી ખર્ચ.

## વર્ષ ૨૦૧૯-૨૦ ના આર્થિક હિસાબ

**દાન** : ચાલુ કાર્યો માટે રૂપિયા ૩૩.૭ લાખ અને કોર્પસ ફંડ માટે રૂપિયા ૪૦.૮ લાખનું દાન મળ્યું.

**ખર્ચ** : **કુલ ખર્ચ- રૂપિયા ૨૬.૫** લાખ, જેમાં શિક્ષણ કાર્યનો ખર્ચ રૂપિયા ૧૨.૪ લાખ, સ્વાસ્થ્ય સુરક્ષાનો ખર્ચ રૂપિયા ૬.૬ લાખ, NOVOI પ્રોજેક્ટનો ખર્ચ રૂપિયા ૩.૩ લાખ અને વહીવટી ખર્ચ : રૂપિયા ૪.૨ લાખ.

દાતાઓની મદદથી અમે પશાભાઈ પાર્કની ઓફિસનું મકાન રૂપિયા ૫૦ લાખમાં ખરીદયું.

## વર્ષ ૨૦૨૦-૨૧ નું આર્થિક આયોજન

વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રસ્ટ દ્વારા ચાલી રહેલાં કાર્યો માટેનો કુલ અંદાજિત ખર્ચ ૩૦.૮ લાખ છે, જેમાં શિક્ષણકાર્યનો ખર્ચ ૧૬.૨ લાખ, આરોગ્યના કાર્યનો ખર્ચ ૮.૬ લાખ અને NOVOI પ્રોજેક્ટના કાર્યનો ખર્ચ ૬ લાખનો થાય છે.

## સ્વયંસેવકોનો આભાર

ચંદ્રવદન શાહ, અનિલ ધીવાલા, સ્મિતા દેસાઈ, ઈશા બ્રહ્મભટ્ટ, ડૉ. સુમન બ્રહ્મભટ્ટ, ઋષિ લુહાર, ભાવના અને સનત ચુડાસમા, શૈશવ દેસાઈ, દિનેશ મોદી, બીરેન નાયક, નિશા ચુડાસમા, તપસ શાહ, કપિલ શાહ, કાંતિ કલોલા, હંસા વૈદ્ય અને કલ્પના શાહનો જુદા જુદા વિભાગોમાં પોતાની માનદ સેવા આપવા બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## દાતાઓનો આભાર

- લગભગ આઠ વર્ષ માટે વિનામૂલ્યે (ભાડું લીધા વિના) ઑફિસના કામ માટે મકાન વાપરવા આપ્યું તે બદલ ભણશાલી કુટુંબનો આભાર માનીએ છીએ.
- ગયા વર્ષે આ ઓફિસના મકાનને જે દાતાઓની મદદથી અમે ખરીદી શક્યા એમનો ઘણો અભાર: અમિત અક્કડ, આનંદ કાણે, ડો. અનિરુદ્ધ આપ્ટે, અરુણા પટેલ, સ્વ. ભગવાનજી શાહ, બકુલ શાહ, ભાવિન શાહ, ઇન્ડિયન્સ ફોર કલેકટીવ એક્શન, કૃષ્ણકુમાર લુહાર, ડો. કુલદીપ વાસવાણી, લલિત શાહ, ડો. લતા શાહ, લતા કાચોલીયા, મહાત્મા ગાંધી લેપ્રસી ફાઉન્ડેશન, રવિ શાહ, સેજલ શાહ, શૈલેશ પટેલ, શ્યામ લુહાર, સ્વ. ડો. શિરીષ શાહ, સ્મિતા દેસાઈ, સોનલ હિતેશ ચોક્સી, ડો. વૈશાલી શાહ, યુવા પ્રગતિ ઈનકોર્પોરેશન.
- શરદ વાઘેલા, જેઓ ઑફિસ અને ક્લીનિકમાં મુકાયેલા ઈન્વરટરોની નિયમિત અને વિના મૂલ્યે જાળવણીનું કામ કરે છે તેમના આભારી છીએ.
- ઋષિ લુહાર, જેઓ w.w.w.Koshish –Milap.org વેબસાઈટને ચાલુ રાખવા માટે એનો ખર્ચ પણ ઉઠાવી રહ્યા છે, તેમનો આભાર માનીએ છીએ.
- વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં સ્પોન્સર કરવા માટે : અનંતા ચેરીટેબલ ટ્રસ્ટ, દર્દી સહાયક ટ્રસ્ટ, સુષમા શાહ, દિવ્યાંગ દવે, ડો. અંશુ શાહ, રોહિત દેસાઈ, પ્રેમલ શાહ, રૂપલ દવે, વંદન અને હર્શિલ પટેલ, કલ્પેશ પરીખ, નિમિષા દેસાઈ, આદિલ બાવાઆદમ, ભારતીય સેવા સમાજનો આભાર માનીએ છીએ.
- મુજમહુડા વંચિત વિસ્તારમાં કાર્ય કરવા માટે એક મકાનની વ્યવસ્થા કરવા માટે ભાવિન શાહના અમે ખૂબ જ આભારી છીએ.
- ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, દમ જેવા કાયમી રોગો માટે દર્દી નિયમિત દવા લે તે માટે ખૂબ જ

સસ્તા ભાવે દવા આપવા કોર્પસ ફંડ ઊભું કરી આપવા માટે ડો. બારીન દેસાઈ અને ભાવિન શાહના આભારી છીએ.

- બધાં જ પાંચ ટ્રસ્ટીઓ, જેઓ કોઈ પણ આર્થિક બદલાની અપેક્ષા વગર પોતાની કામગીરી કરી રહ્યાં છે, તે સૌના આભારી છીએ.
- અમારી શૈક્ષણિક સામગ્રી વિકસાવવા માટે પોતાનું શૈક્ષણિક મટીરિયલ આપવા માટે ડો. પંકજ જૈન અને જ્ઞાનશાળા ટીમ, અમદાવાદનો ઘણો આભાર માનીએ છીએ.
- યોગિની શાહ અને સ્મિતા દેસાઈએ બાલમંદિરથી ધોરણ ૮ સુધીના અભ્યાસ માટેની લેખિત સામગ્રી તૈયાર કરી, તે માટે તેમનો આભાર.
- આ વાર્ષિક અહેવાલ બનાવવામાં મદદ કરવા માટે સ્મિતા દેસાઈ, ભાવેશ મિસ્ત્રી, એસ. શ્રીનિવાસન, કપિલ શાહ અને પ્રોફેસર એલન ડફીનાનો આભાર.

## વસ્તુઓના સ્વરૂપમાં દાન (એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦)

- અમિત અક્કડ, અરુણા અને ચંદ્રકાંત બ્રહ્મભટ્ટ, અશ્વિન ચોથાણી, બીના અને મહેશ ચુડાસમા, બીના નાયક, દક્ષા સલીલ ગાંધી, કૃષ્ણકુમાર લુહાર, ડૉ. નિરંજના અમીન, રુચિતા ભડિયાદરા, સેજલ સોની, શૈલેશ પટેલ, સિદ્ધાંત ગવ્હાળે, ડૉ. તરલિકા ત્રિવેદી, તોશીબેન ઝા, ડૉ. યોગેન્દ્ર પટેલ, નીતા ચુડાસમા, હેમેન્દ્રભાઈ ભટ્ટ, રાજેન્દ્ર મિસ્ત્રી, અને સ્વ. ડૉ. શિરીષ શાહ તરફથી સંસ્થાના કામ માટે સ્લેટ, આઈપેડ, વપરાયેલાં લેપટોપ, શૈક્ષણિક સાધનો, બાળકો માટે ખાવાની વસ્તુ, સ્ટીલનું કબાટ, પુસ્તકાલય માટે ચોપડીઓ, સ્ટેશનરી કીટ્સ, LED ટ્યુબલાઈટ અને બલ્બ, જેવી વસ્તુઓ મળી, તે માટે સર્વેના આભારી છીએ.
- જયેશ કાનુગા, ભારતીય સેવા સમાજ, કૃષ્ણકુમાર લુહાર, બીના નાયક અને રીના શાહે કોવિડ-19 લોકડાઉનના આવકના ઘટાડાના સમય દરમ્યાન મુજમહુડાની ઝૂંપડપટ્ટીનાં ૨૨૮ કુટુંબોને અનાજની કીટ આપી તે માટે અમે તેમના આભારી છીએ.

# ભારતમાંથી મળેલું દાન: (એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦)

| Sr. | Donor's Name | Amount | Sr. | Donor's Name | Amount |
|---|---|---|---|---|---|
| 1 | Jaykal Exports Pvt. Ltd. | 750000 | 2 | Samvedana Foundation | 500000 |
| 3 | Smita Harish Desai | 240000 | 4 | Himalaya Machinery Pvt. Ltd. | 200000 |
| 5 | Prasad GWK Cool-tech Pvt. Ltd. | 200000 | 6 | Nishith Anil Merchant | 125000 |
| 7 | Shashank Anil Merchant | 125000 | 8 | V2 Tech Ventures Pvt. Ltd. | 100000 |
| 9 | Kirit J. Shah | 53780 | 10 | Devendrasinh Prabhatsinh Barot | 51000 |
| 11 | Gatubhai G. Mistry | 50000 | 12 | Dr. Nayanaben | 50000 |
| 13 | Jayantilal Chimanlal Shah | 50000 | 14 | Kalpesh S. Parikh | 41540 |
| 15 | Manjula Shah | 35000 | 16 | Premal Vinodkant Shah | 30000 |
| 17 | Anirudha Mukund Apte | 25000 | 18 | Apte Charitable Trust | 25000 |
| 19 | Jigar Gajiwala | 24350 | 20 | Dinesh Somabhai Amin | 22000 |
| 21 | Sarjak Consulting Engineering | 21200 | 22 | Girishkumar Punamchand Shah | 21000 |
| 23 | Devision Charity | 20000 | 24 | Dr. Darshana Vijay Vyas | 20000 |
| 25 | Vaishali Shah | 20000 | 26 | Bhavesh V. Mistry | 15000 |
| 27 | Dr. TaralikaTrivedi | 15000 | 28 | Ruma Trust | 15000 |
| 29 | Anand Kane | 14000 | 30 | Jayshree Kane | 14000 |
| 31 | Dr. Sudarshan Bagchi | 12500 | 32 | Bhaumik Pravinbhai | 11000 |
| 33 | Chudasama Sanatbhai Shantilal | 11000 | 34 | Daksha Salil Gandhi | 10000 |
| 35 | Dr. Ketan Jhaveri | 10000 | 36 | Pandya Ashaben Kaushikbhai | 10000 |
| 37 | Pandya Kaushikbhai Dashrathbhai | 10000 | 38 | Mahendrabhai Toprani | 7000 |
| 39 | Rasheedunnisa Begum | 7000 | 40 | Usha Ramanlal Gandhi | 6400 |
| 41 | Aadil Bavaadam | 5000 | 42 | Ashutosh Dalal | 5000 |
| 43 | Baktu Bavaadam | 5000 | 44 | Bharatbhai K. Shah | 5000 |
| 45 | Bhaskarbhai Patel | 5000 | 46 | Binaifer Gai | 5000 |
| 47 | Farah Bavaadam | 5000 | 48 | Farhad Ghadiali | 5000 |
| 49 | Firdosh Bavaadam | 5000 | 50 | Jal Bavaadam | 5000 |
| 51 | Jasmine Aklesaria | 5000 | 52 | Kaivan Bavaadam | 5000 |
| 53 | Katy Anklesari | 5000 | 54 | Pallu Ghadiali | 5000 |
| 55 | Persang Bavaadam | 5000 | 56 | Sannu Bavaadam | 5000 |
| 57 | Shree Ananta Charitable Trust | 5000 | 58 | Urviben Amrutlal Patel | 5000 |
| 59 | Ashish Nath | 4244 | 60 | Jyoti Kumar Shah | 3699 |
| 61 | Deepak Joshi | 3209 | 62 | Anand Vyas | 2500 |
| 63 | Nisha Shukla | 2500 | 64 | Chandrakant Brahmbhatt | 2000 |
| 65 | Dr. Jayshree Rao | 2000 | 66 | Kiran Chavan | 2000 |
| 67 | Arvind S. Rao | 2000 | 68 | Mukundbhai Gheeya | 2000 |
| 69 | Dharvin Thakkar | 1835 | 70 | Bhaskar Srivastav | 1600 |
| 71 | Yatraben Kantibhai | 1551 | 72 | Freddy Gai | 1500 |
| 73 | Ravikumar Bamrotiya | 1435 | 74 | Maulik Gandhi | 1335 |
| 75 | Khusboo Dalal | 1309 | 76 | Saurabh Srivastava | 1200 |
| 77 | JagdipThakorbhai Luhar | 1000 | 78 | Jenit Vaghasia | 1000 |
| 79 | Smitaben Soneji | 1000 | 80 | Kandarp Bhatt | 723 |
| 81 | Shaileshbhai Shah | 550 | 82 | Chandni Jain | 500 |
| 83 | Dipali Patadiya | 500 | 84 | Piyali Roy | 400 |
| 85 | Sweta Marfatia | 200 | 86 | Dhaval Vibhakar | 150 |
| 87 | Ishwarbhai Yogi | 120 | 88 | Devang Vyas | 100 |
| 89 | Dhara Bhatia | 100 | 90 | Sandhyasingh Rathore | 100 |
| 91 | Sanket Patel | 100 | 92 | Sunilkumar Patel | 100 |
| 93 | Vijay Prajapati | 100 | 94 | Vishal Shah | 100 |

## પરદેશમાંથી મળેલું દાન: (એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦)

| Sr. | Donor’s Name | Amount |
|---|---|---|
| 1 | Indians for collective action (ICA) | $ 18901 (Rs. 1338452.52) |
| 3 | Educare Foundation Inc. | $ 9695 (Rs.666298.10) |
| 4 | Share & Care Foundation | $ 5500 (Rs. 184237.45) |
| 2 | Mahatma Gandhi Leprosy Foundation | $ 5000 (Rs.354250) |
| 5 | Sonal R. Amin and Rashesh H. Amin | $ 1400 (Rs.97888) |
| 6 | Civica Pty Limited | $ 600 (Rs. 28698) |
| 7 | Benevity Causes Portal | $ 476 (Rs. 31929.16) |

## કોશિશ-મિલાપ ટ્રસ્ટમાં દાતાઓ માટે માર્ગદર્શન

આપના જેવા ઉદાર લોકોના સહકારને કારણે કોશિશ મિલાપ ટ્રસ્ટ દ્વારા અમે અમારી પ્રવૃત્તિ વિકસાવી શક્યા છીએ. તે માટે અમે તમારા સૌના સાથ અને સહકાર માટે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

1. તમે તમારું દાન સામાન્ય ભંડોળ (general fund) અથવા કોઈ નિશ્ચિત કાર્ય (શિક્ષણ, આરોગ્ય કે NOVOI) અથવા એકત્રિત ભંડોળ (corpus fund) માટે આપી શકો છો.
2. એક વિદ્યાર્થીનો શિક્ષણકેન્દ્રનો વાર્ષિક સરેરાશ ખર્ચ ૭,૦૦૦ રૂપિયા અથવા દવાખાનાનો એક દિવસનો સરેરાશ ખર્ચ ૨,૫૦૦ રૂ. આપીને તે સ્પોન્સર કરી શકો છો.
3. એક બાળકનો ખાનગી શાળામાં ભણાવવાનો એક વર્ષનો ખર્ચ લગભગ ૧૨,૦૦૦ રૂપિયા છે. તો બાળકની શાળાની ફી આપીને, તેને સ્પોન્સર (sponsor) કરી શકો છો.
4. એક દિવસના શૈક્ષણિક પ્રવાસનો ખર્ચ લગભગ ૧૮,૦૦૦ રૂપિયા થાય છે. (આવવા જવાનો ખર્ચ + જમવાનું + એન્ટ્રી ફી, વગેરે) તો આપ તેને સ્પોન્સર કરી શકો છો.
5. અમારી પોતાની શાળા શરૂ કરવામાં મદદ કરી શકો. અમે જે સફળ શિક્ષણ પદ્ધતિ વિકસાવી છે અને ઉપયોગ કરી રહ્યાં છીએ, તેનો વધુ સારી રીતે અમલ થઈ શકે તે માટે બાલમંદિરથી ૧૦ ધોરણ સુધીની એક શાળા શરૂ કરવાનું આયોજન કર્યું છે. તેને માટે જમીન સંપાદિત કરવી, સરકારમાંથી મંજૂરી મેળવવી, બાંધકામ કરવું, શિક્ષકોની નિમણૂક કરવી, વગેરે કરવાનું રહેશે. તેનો શરૂઆત માટેનો અંદાજિત ખર્ચ ૮ કરોડ રૂપિયા છે.

# અમારા ટ્રસ્ટીઓ

**(1) ડૉ. કિશોરકુમાર પી. મિસ્ત્રી,**
એમ.ડી. ફેમીલી મેડિસીન (યુ.એસ.એ.), પી.એચ.ડી. (બાયોકેમેસ્ટ્રી)

ભારતમાં ઉદ્યોગજગત સાથે ક્વોલીટી કંટ્રોલના હેડ તરીકે, એમ.એસ.યુનિ. વડોદરા ખાતે લેકચરર તરીકે, હોસ્પિટલમાં લેબોરેટરી ઈન ચાર્જ તરીકે તથા વંચિત વિસ્તારમાં ડૉક્ટર તરીકે કામગીરી કરવા ઉપરાંત અમેરિકામાં વિજ્ઞાની તથા ડૉક્ટર તરીકેની કામગીરી સંભાળી હોઈ અનેક ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવે છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય જર્નલોમાં એમનાં ૨૪ જેટલા વૈજ્ઞાનિક શોધ નિબંધલેખ પ્રકાશિત થયા છે. વર્તમાનપત્રો, સામયિકોમાં લેખો લખવા ઉપરાંત રેડિયો વાર્તાલાપ પણ પ્રસારિત થયા છે. ૨૧ વર્ષ જેટલો સમય અમેરિકામાં રહ્યા પછી જન્મભૂમિના સમાજને પોતાની આવડતનો લાભ આપીને સમાજનું ઋણ ચૂકવવાના ઈરાદાથી ભારતમાં પાછા ફર્યા છે.

**(૨) વર્ષા બી. શાહ,**
એમ.એ.Education (યુ.એસ.એ.), પી.એચ.ડી. (બાયોકેમેસ્ટ્રી)

એમ.એસ. યુનિ. વડોદરા ખાતે લેકચરર તરીકે તથા વંચિત વિસ્તારમાં શિક્ષક તરીકે ભારતમાં તથા વિજ્ઞાની અને શિક્ષક તરીકે અમેરિકામાં કામ કર્યું હોઈ બહોળો અનુભવ ધરાવે છે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાની જર્નલોમાં તેમના સંશોધનલેખ પ્રકાશિત થઈ ચૂક્યા છે. અન્ય લિપિમાંથી બ્રેઇલ લિપિમાં રૂપાંતર કરી લખવા માટેની અમેરિકા સ્થિત લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ માન્ય યોગ્યતા ધરાવે છે. ૨૧ વર્ષ જેટલો સમય અમેરિકામાં રહ્યા પછી ભારતમાં સમાજને પોતાનું યોગદાન આપીને ફરજ સંતુષ્ટિ મેળવવા માટે ભારત પાછાં આવ્યાં છે.

**(૩) કૃષ્ણકુમાર બી. લુહાર,**
બી.એસ.સી., કેમિકલ એન્જિનિયરીંગમાં AMIE

ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ ( GACL), વડોદરના હેવીવોટર પ્રોજેક્ટ સાથે પ્રોજેક્ટના અમલીકરણ, ઇન્ડસ્ટ્રીયલ સેફટી સિસ્ટમ, ક્વોલીટી મેનેજમેન્ટ સિસ્ટમ, જેવી વિવિધ જવાબદારીઓ સંભાળવાનો બહોળો અનુભવ ધરાવે છે. એમના વિશાળ અનુભવને ધ્યાનમાં લઈને રાસાયણિક શસ્ત્રોને પ્રતિબંધિત કરવા માટે કાર્યરત, યુનો સંલગ્ન સંસ્થા OPCW નેધરલેન્ડની હેગ ખાતેની કચેરીમાં પ્રથમ ઇન્સ્પેક્ટર તરીકે તથા ઇન્સ્પેકશન ટીમમાં લીડર તરીકેનું પ્રમોશન મેળવીને એમણે કામગીરી સંભાળી છે. OPCW સંસ્થાને ૨૦૧૩માં શાંતિ માટેનું નોબલ ઇનામ મળ્યું હતું. આ સંસ્થા સાથેના એમના ૧૪ વર્ષના જોડાણ દરમ્યાન વિશ્વના ૪૦ જેટલા દેશોમાં રાસાયણિક શસ્ત્રોનાં ઉત્પાદન મથકોના કામકાજ પર દેખરેખ રાખવાની એમની મુખ્ય જવાબદારી રહી હતી.

(4) **યોગિની બી. શાહ,**
એમ.એસ.સી. (સ્ટેટીસ્ટીક્સ)

શાળામાં શિક્ષિકા તરીકેનો ૧૦ વર્ષનો અનુભવ મેળવ્યા પછી સરકારી નોકરી છોડીને રસાયણમુક્ત સજીવ ખેતી આધારિત સાદું અને સ્થાનિક સમાજોપયોગી જીવન એક નાના ગામમાં રહીને જીવે છે. બાળશિક્ષણ માટેની શિક્ષિકાઓને તાલીમ આપીને તૈયાર કરવાના બાલવાડી શિબિરના કાર્યક્રમમાં ૧૯૮૩ થી ૧૯૯૧ દરમ્યાન સહસંચાલક તરીકે એમણે કાર્ય કર્યું છે.

(5) **હરીશ એમ. દેસાઈ,**
બી.એસ.સી. (કેમેસ્ટ્રી), એલ.એલ.બી.

વીસેક વર્ષનો બેંકની નોકરીનો અનુભવ લીધા પછી નોકરી છોડીને એક નાના ગામમાં સજીવ ખેતી આધારિત સાદું, શ્રમયુક્ત જીવન જીવે છે તથા સ્થાનિક સમાજને શક્ય એટલા મદદરૂપ થાય છે.

## દાન મોકલવા માટેની માહિતી

### ભારતના દાતા

a) ભારતીય રૂપિયાનો ચેક **'કોશિશ મિલાપ ટ્રસ્ટ' (Koshish-Milap Trust)** ના નામે બનાવીને ઑફિસના સરનામે મોકલવો.

**કોશિશ મિલાપ ટ્રસ્ટ**
૧૦-ગંગા પાર્ક, પશાભાઈ પાર્કની અંદર, નટુભાઈ સર્કલ પાસે, ગોત્રી રોડ,
વડોદરા- ૩૯૦૦૦૭, ગુજરાત
ફોન : ૦૨૬૫-૨૩૩૪૦૪૧

b) **બેન્ક એકાઉન્ટમાં પૈસા સીધા જમા કરાવવા**

***Bank :*** HDFC Bank
***Bank Address :*** Shine Plaza, Near Natubhai Circle,
Gotri Road, Vadodara-390007, Gujarat, India
***Account Type :*** Savings
***Account Name :*** Koshish-Milap Trust
***Account Number :*** 50100193099402
***IFS Code :*** HDFC0000384

### પરદેશના દાતા


અમારા ટ્રસ્ટના એફ.સી.આર.એ. (FCRA) ના રિન્યુઅલ માટેનો પ્રયાસ ચાલી રહ્યો છે, આથી પરદેશના દાતાએ દાન મોકલતાં પહેલાં અમારો સંપર્ક કરવા વિનંતી.

### સ્વ. શ્રી આનંદભાઈ કાણેને સ્મરણાંજલિ



આનંદભાઈ કોશિશ-મિલાપ ટ્રસ્ટ માટે શુભ-ચિંતક અને મદદકર્તા હતા. તેમણે સ્વયંસેવક તરીકે ટ્રસ્ટની શરૂઆતથી જ વહીવટી અને સરકારી કામો માટે પ્રદાન કર્યું. તેઓ ઑકટોબરની ૧૬ મીએ દેવલોક પામ્યા. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

# અમારી પ્રેરણા




મુખ્ય રોગ વ્યક્તિમાં નહી,
વ્યવસ્થામાં છે.

– ગાંધીજી



અજ્ઞાન, અસમાનતા અને તૃષ્ણા
માનવીય દુઃખોનાં ત્રણ કારણ છે.

– સ્વામી વિવેકાનંદ



હે ભગવાન ! મને એવી સમજણ આપ કે
જે બદલી શકવા સમર્થ ન હોઉં, તે સ્વીકારી શકું,
જે બદલી શકું તેમ હોઉં,
તે કામ માટે હિમ્મત રાખી શકું,
અને  આ બે વચ્ચેનો તફાવત
સમજવા ડહાપણ કેળવી શકું.

- રાઈનહોલ્ડ નીબર